કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યઝપેપર

Digital Copy

जननी जन्मभूमिश्च स्वर्गदपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

Vol. 1 | Issue 12 | 30 August 2025 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujrat2025@gmail.com | CANADA |

# યુનાઈટેડ ગુજરાતી સિનિયર પરિવારે કેનેડામાં ઉજવ્યો નંદમહોત્સવ

## દહીં હાંડીની સુંદર રીતે સફળ ઉજવણી કરી

બ્રેમટન, તા ૨૩,ઓગસ્ટ ૨૦૨૫

યુનાઈટેડ ગુજરાત સિનિયર પરિવારમાં અગાઉ નીપીકનીકમાં જ આવતા માસમાં (ઓગસ્ટ) જન્માષ્ટમી હોવાથી આ તહેવાર ભવ્ય રીતે ઉજવવા માટેની જાહેરાત ગ્રુપ કો-ઓર્ડીનેટર અશ્વિન શાહે ચિંકુષી પાર્ક માજ નિયત સ્થળ પર તારીખ ૨૩/૦૮/૨૦૨૫ની કરી હતી.

આ તહેવારને યાદગાર રીતે ઉજવવા માટે પરિવારના દરેક સભ્યો એ પોતાનાથી થતી બધીજ મદદ કરવા તૈયારી બતાવેલ અને એના ભાગ રૂપે હરીશભાઈ અમીને અને શૈલેષભાઈ દેસાઈ આ ઉત્સવમાં ઉજવણી માટે તેમની ઈચ્છાનો ફાળો ત્યારેજ આપી દીધો હતો.

દર વખતે સ્થળ પર અમારા નિર્ધારિત સ્થળ પર જ આ ઉજવણી થઈ શકે અનેની તકલીફના પડે એ ભાવથી ગ્રુપના શ્રી દીપકભાઈ, જયશ્રીબેન અને પંકજભાઈ માટે તેઓ ત્રણેવ સભ્યો એ દિવસે વહેલી સવારે ૭.૦૦ વાગે જઈ જગા રોકી દીધી હતી. ત્યાર બાદ તૈયારી કરવા શક્ય એટલી બધી વસ્તુ ઓ સાથે અશ્વિનભાઈ પટેલ [દર વખતની જેમ] અને બીજા અન્ય સભ્યો પણ સવારે ૮.૦૦ વાગતા પહેલા સ્થળ પર જોડાયા હતા અને ૮.૩૦ પહેલા આ સ્થળ પર લાલન માટે હવેલી જેવું ઉભું કરી દીધેલ અને પાર્કના સ્થળને વ્રજમય કરેલ ત્યાર બાદ ઠાકોરજીના તેમજ હવેલીને શણગરી નંદ મહોત્સવ ઈચ્છા મુજબ ઉજવી શકાય એવું બનાવી દીધું.

આ વખતે ઉત્સવની ઉજવણી ભરપૂર કરવાની હોવાથી કો-ઓર્ડીનેટરે બધાને ૯.૩૦ વાગે સ્થળ પર હાજર થઈ જવા વિનંતી કરવામાં આવી, પણ





બધાનો ઉત્સાહ એટલો બધો હતો કે લગભગ સવારે ૯.૩૦ વાગે સ્થળ પર આવી ગયા. આ પ્રસંગ ઉજવવા લાલને ગમતા રંગ બેરંગી પોશાક માં કુલ ૮૪ સભ્યો અલગ અલગ પ્રસાદી લઈને જોડાયા હતા.

સૌ પ્રથમ અશ્વિન શાહ અને અન્ય સભ્યો દ્વારા પ્રાતઃસ્મરણ અને મંગલાચરણનું ગાન કર્યું જેમાં પરિવારના સર્વે સભ્યો જોડાયા હતા અને આશરે 10.00 વાગે ચા/કોફી સાથે ઈડલી, મેદુંવડા, સંભાર, ત્રણજાતની ચટણી સાથે મકાઈના દેશી વડા પણ પીરસવામાં આવ્યા જેનો બધાએ આનંદ માણ્યો. આ ઉત્સવ માટે ઘણા બધા એ ફાળો જાહેર કર્યું જેમાં મંદિર માટે રાધા કૃષ્ણનું એક સુંદર ચિત્ર લાવવામાં આવ્યું જે વત્સલાબેને સ્પોન્સર કરેલ ચા નાસ્તા પછી પૂજન અને આરતીમાં બેસવા માટે બોલી બોલાવવામાં આવી હતી.

આ ઉત્સવને વધું સારી રીતે ઉજવવાના ઉદેશથી અશ્વિનભાઈ ઠાકર, જ્યોતિબેન શાહ અને અન્ય એક વૈષ્ણવે પણ શુભેચ્છા રૂપે રોકડ ભેટ આપી.

આ પૂજન માટેની સંપૂર્ણ જવાબદારી પરિવારના જ શ્રી દિલીપભાઈ પાઠકે લીધી અને અમે સુંદર રીતે ખુબજ મહેનત કરી આ ઉત્સવને પુષ્ટિમાર્ગીય પ્રણાલિકા પ્રમાણે ઉજવવા માટે અભ્યાસ કરી સુંદર તૈયારી કરી હતી. સેવાની શરૂઆતમાં પૂજન કરાવી પછી કૃષ્ણઃ જન્મ એક આકાશવાણીથી કરાવી તે બાદ લાલનને પારણામાં પધરાવવાની જાહેરાત કરતાંજ પરિવારના સર્વે સભ્યો ખુબજ ભાવુક થઈ લાલાને પારણામાં ઝુલાવવા 'ગોપાલ મારો પારણેને ઝૂલે' ગીત પર બધાએ નૃત્ય કર્યું હતું, આ બાદ "નંદ ઘેર આનંદ ભયો'ના ગાન સાથે નંદ મહોત્વના નૃત્યમાં પણ બધા જોડાઈ ઉત્સાહ પૂર્વક નંદ મહોત્સાવ ઉજવ્યો હતો.

નંદ મહોત્સવ બાદ ' આરતી કુંજ બિહારી કી'ની આરતી માટે બધા તૈયાર થઈ ગયેલ અને આ વખતે આરતીનો લાભ લેવા બોલી માં ઘણા બધા તૈયાર થયેલ પણ સર્વોચ્ચ બોલી બોલીને આના મુખ્ય મનોરથી નીલાબેન અને જગદીશભાઈ શાહ થયેલ અને પણ આ આરતી સમૂહ માં બધા કરી શકે એ ઉદ્દેશથી આરતી માટે ૫ આરતી થાળની વ્યવસ્થા કરેલ અને શરૂઆતમાં બોલી માં ભાગ લીધેલ અને ત્યાર બાદ દરેક સભ્યોએ ઠાકોરજીની આરતીનો લાભ લીધેલ.

(અનુસંધાન પાના નં. 11 પર)

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**30 ઓગષ્ટ શનિવારથી 5 સપ્ટેમ્બર**

**મેષ રાશિ અ, લ, ઈ** તમારે તમામ પ્રકારની મુસાફરી કરવી જોઈએ, નહીં તો તમે કંટાળો અને તાણ અનુભવો છો. જેની નકારાત્મક અસર તમારા સ્વાસ્થ્ય પર પણ જોવા મળશે. સંભાવનાઓ છે કે આ સમય તમારા જીવનમાં ઘણા બધા પગારમાં વધારો લાવ્યો છે.

**વૃષભ રાશિ બ, વ, ઉ** મનમાં નકારાત્મક ભાવનાઓનું પ્રમાણ વધુ રહેશે. લોકો સાથેના તમારા વર્તનને મૂંઝવણમાં મૂકશે. આવી સ્થિતિમાં, પરિસ્થિતિઓને સારી રાખવા માટે, તમારે તમામ પ્રકારની નિરાશા ટાળવી, નહીં તો તમારું સ્વાસ્થ્ય ઘટી શકે છે.

**મિથુન રાશિ ક, છ, ઘ** શક્ય તેટલું, તમારી જાતને તમારા કામમાંથી સમય કાઢીને થોડો આરામ આપો. ભૂતકાળમાં ભારે માનસિક દબાણમાંથી પસાર થયા છો. તેથી, નવી પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહીને પોતાનું મનોરંજન શારીરિક આરામ કરવામાં ખૂબ મદદરૂપ સાબિત થશે.

**કર્ક રાશિ ડ, હ** તમે નબળાઇની સમસ્યાથી છૂટકારો મેળવશો. જો કે, તે સારું રહેશે કે બહારથી ખોરાક મંગાવવાની જગ્યાએ, ઘરેલું ખોરાક ખાઓ અને ખોરાકને પચાવવા માટે દરરોજ લગભગ 30 મિનિટ ચાલો. તમને આ અઠવાડિયે અચાનક નવા સ્ત્રોતોથી પૈસા મળશે.

**સિંહ રાશિ મ, ટ** તમારું સ્વાસ્થ્ય જીવન ખૂબ સારું રહેવાની અપેક્ષા છે. આ સમય દરમિયાન, તમને નિરર્થક ચિંતા કરનારાઓ સાથે ભળવું ગમશે નહીં. જેના કારણે તમારું માનસિક સ્વાસ્થ્ય પણ વધુ સારું રહેશે. આ રાશિના વતનીઓનો આજે જીવંત સ્વભાવ છે.

**કન્યા રાશિ પ, ઠ, ણ** આ સમય દરમિયાન, તમારે કેટલીક બાબતો પર વિશેષ ધ્યાન આપવું પડશે, જેમ કેઃ જ્યારે તમારી પાસે સમય હોય ત્યારે પાર્કમાં કસરત કરો અથવા યોગ કરો અને દરરોજ સવારે અને સાંજે લગભગ 30 મિનિટ નિયમિત ચાલો.

**તુલા રાશિ ર, ત** કોઈપણ કોઈપણ સંજોગોમાં, તમને પજવશે અને પજવી શકે છે, સ્વાસ્થ્ય બગાડી શકે છે. તમારે જૂની બાબતોને યાદ રાખવી, કોઈ નજીકના અથવા મિત્ર સાથે ન ફસાઇ જવું અને પોતાને અને તમારા મનને આરામ કરવાનો પ્રયાસ કરવો શ્રેષ્ઠ રહેશે.

**વૃશ્ચિક રાશિ ન, ય** વ્યસ્ત શેડ્યૂલ હોવા છતાં તમારું સ્વાસ્થ્ય સામાન્ય કરતા સારું રહેશે. પરંતુ સ્વાસ્થ્ય માટે ભૂલ ન કરો, તેને કાયમ માટે સાચી માનવાની ભૂલ ન કરો. આવી સ્થિતિમાં, તમારા જીવન અને આરોગ્યનો સન્માન કરો અને સારી રીતભાત અપનાવો.

**ધન રાશિ ભ, ધ, ફ, ઢ** વાહન ચલાવવાથી બચો. દરેક પ્રકારની મુસાફરીથી બચો, ખાસ કરીને રાત્રે. અન્યથા તમને કોઈ પ્રકારની શારીરિક પીડા થઈ શકે છે. આ અઠવાડિયે, કમિશન, ડિવિડન્ડ અથવા રોયલ્ટીના કામ દ્વારા તમને મોટો ફાયદો મળશે.

**મકર રાશિ ખ, જ** પગના દુખાવાની સમસ્યા, મચકોડ, સાંધાનો દુખાવોથી રાહત મળશે. ખાસ કરીને, આ અઠવાડિયા એવા લોકો માટે ખાસ રહેશે કે જેમની ઉંમર 50 વર્ષથી વધુ છે. આ અઠવાડિયે તમને ઘણા સ્ત્રોતોથી લાભ થશે,

**કુંભ રાશિ ગ, સ, શ, ષ** તમને પૈસા મળશે, પ્રાપ્ત થયેલી રકમ તમારી અપેક્ષા મુજબ ઓછી હશે અને, શક્ય છે કે તમને થોડી નિરાશા પણ મળશે. આવી સ્થિતિમાં, એ સમજવું જરૂરી રહેશે કે માણસને જે મળે છે, તેની ઇચ્છાઓ ઓછી થતી નથી.

**મીન રાશિ દ, ચ, ઝ, થ** મિત્રો અને પરિવારના સભ્યો તમારું જીવન શ્રેષ્ઠ માની શકે છે, પરંતુ આ અઠવાડિયામાં તાજેતરમાં બનેલી કોઈ ઘટનાને કારણે તમે અંદરથી ઉદાસી અને હતાશ અનુભવો છો. મકાનની મરામત કરવાનું કહીને તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

## તંત્રી લેખ

Jai Jai Garvi Gujarat!

ઓમ ગં ગણપતયે નમો નમઃ, શ્રી સિદ્ધિવિનાયક નમો નમઃ, અષ્ટવિનાયક નમો નમઃ, ગણપતિ બાપ્પા મોરયા।

સમગ્ર વિશ્વમાં વસતા હિંદુઓ માટે અત્યંત શ્રદ્ધા અને ઉલ્લાસનું પર્વ એટલે ગણેશ ચતુર્થી. ભગવાન શિવ અને માતા પાર્વતીના પુત્ર, વિઘ્નહર્તા, બુદ્ધિદાતા અને રિદ્ધિ-સિદ્ધિના સ્વામી ભગવાન શ્રી ગણેશના પ્રાગટ્ય દિવસને આપણે સૌ ધામધૂમથી ઉજવીએ છીએ. આ મંગલમય અવસરે, 'ગરવી ગુજરાત' સાપ્તાહિક પરિવાર વતી હું ભારતમાં વસતા સૌ દેશવાસીઓ અને કેનેડામાં સ્થાયી થયેલા આપણા સૌ ગુજરાતી ભાઈ-બહેનોને અંતઃકરણપૂર્વક શુભેચ્છાઓ પાઠવું છું.

ભગવાન ગણેશનું સ્વરૂપ અત્યંત પ્રેરણાદાયક છે. તેમનું વિશાળ મસ્તક આપણને ઉચ્ચ અને વિશાળ વિચારધારા રાખવાની પ્રેરણા આપે છે. તેમના સૂક્ષ્મ નેત્રો જીવનમાં ઊંડાણપૂર્વક જોવાની દ્રષ્ટિ કેળવવાનું શીખવે છે, જ્યારે મોટા કાન સૌની વાત ધ્યાનપૂર્વક સાંભળીને સાર ગ્રહણ કરવાનો બોધ આપે છે. તેમની લાંબી સૂંઢ કાર્યક્ષમતા અને સાવધાનીનું પ્રતીક છે, તો તેમનું વિશાળ ઉદર જીવનમાં આવતી સારી-નરસી બધી જ બાબતોને પચાવી જઈને આગળ વધવાની શીખ આપે છે.



આ ગણેશ ચતુર્થીના પાવન અવસરે, આપણે સૌ સાથે મળીને ગજાનન ગણપતિનું સ્મરણ કરીએ અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરીએ.



શ્રી ગણેશ સ્તુતિ આવો, આપણે સૌ સાથે મળીને શક્તિશાળી સંકટનાશન ગણેશ સ્તોત્રનું પઠન કરીએ અને બાપ્પાને પ્રાર્થના કરીએ કે તેઓ આપણા સૌના જીવનમાંથી તમામ વિઘ્નો અને સંકટો દૂર કરે.

|| શ્રી સંકટનાશન ગણેશ સ્તોત્રમ્ ||

પ્રણમ્ય શિરસા દેવં ગૌરીપુત્રં વિનાયકમ્ ।
ભક્તાવાસં સ્મરેન્નિત્યમાયુઃકામાર્થસિદ્ધયે ॥૧॥
પ્રથમં વક્રતુણ્ડં ચ એકદન્તં દ્વિતીયકમ્ ।
તૃતીયં કૃષ્ણપિઙ્ગાક્ષં ગજવક્ત્રં ચતુર્થકમ્ ॥૨॥
લમ્બોદરં પઞ્ચમં ચ ષષ્ઠં વિકટમેવ ચ ।
સપ્તમં વિઘ્નરાજેન્દ્રં ધૂમ્રવર્ણં તથાષ્ટમમ્ ॥૩॥
નવમં ભાલચન્દ્રં ચ દશમં તુ વિનાયકમ્ ।
એકાદશં ગણપતિં દ્વાદશં તુ ગજાનનમ્ ॥૪॥
દ્વાદશૈતાનિ નામાનિ ત્રિસન્ધ્યં યઃ પઠેન્નરઃ ।
ન ચ વિઘ્નભયં તસ્ય સર્વસિદ્ધિકરં પ્રભો ॥૫॥

આ દિવ્ય મંત્રો અને સ્તોત્રના ઉચ્ચારણ દ્વારા આપણે ભગવાન ગણેશની કૃપાને આપણા જીવનમાં આમંત્રિત કરીએ છીએ. ગણપતિ બાપ્પા, જેઓ સુખકર્તા અને દુઃખહર્તા છે, તે ભારત અને કેનેડામાં વસતા સૌ ભક્તોના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને શક્તિનો સંચાર કરે તેવી અભ્યર્થના.

ભલે આપણે ભૌગોલિક રીતે દૂર હોઈએ, પરંતુ આપણી શ્રદ્ધા અને સંસ્કૃતિના તાંતણા આપણને સૌને એકબીજા સાથે જોડી રાખે છે. આ ગણેશોત્સવ આપણા સૌના પારિવારિક અને સામાજિક સંબંધોને વધુ મજબૂત બનાવે અને સૌના હૃદયમાં પ્રેમ અને સદ્‌ભાવનાનો દીપ પ્રજ્વલિત કરે.

'ગરવી ગુજરાત' પરિવાર ફરી એકવાર સૌને ગણેશ ચતુર્થીની ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ગણપતિ બાપ્પા મોરયા! વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય, લમ્બોદરાય સકલાય જગદ્ધિતાય। નાગાનનાય શ્રુતિયજ્ઞવિભૂષિતાય, ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે॥

જય ગણેશ!

**સુજ્ઞેશ પટેલ** (તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

## કૈસે આકાશ મેં સુરાખ નહીં હો શકતા? એક પત્થર તો તબિયત સે ઊછાલો યારો!

- ડો પ્રકાશભાઈ ઠક્કર, કાલોલ ગુજરાત (સંકલન)

## Happy Birthday

આ સાથે જન્મદિવસ નિમિત્તે કેનેડાના કોઈપણ રાજ્યના સાત વર્ષ સુધીના દીકરા અથવા દીકરીનો જન્મદિવસ હોય તો બાળકનું તથા માતા પિતાનું નામ જન્મ તારીખ અને ફોટો અમને મોકલશો તો આપના દીકરા અથવા દીકરીનો શુભેચ્છા સાથેનો ફોટો અમે નિઃશુલ્ક પ્રસારિત કરીશું તો જે વીકમાં જન્મદિવસ આવતો હોય તેના અગાઉના વીકમાં માહિતી અમને મોકલી આપશો.

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઈપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.

## આપ સૌ વાચક મિત્રોના ઉત્સાહ પ્રેરક સહકારથી પ્રેરિત થઈને આપ સમક્ષ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં

ગરવી ગુજરાત ન્યુઝ પેપરના આ અંકમાં સાપ્તાહિક જ્ઞાન ક્વિઝમાં ગયા સપ્તાહના જવાબો તથા વિજેતા. દર અઠવાડિયે ગરવી ગુજરાત ન્યુઝ પેપરના કોઈપણ પેજ ઉપર ક્વીઝ આપવામાં આવશે. જેમાં આઠ પ્રશ્નો હશે તેના સૌ પ્રથમ સાચા જવાબ આપનાર ત્રણ વિજેતા પછીના અંકની ક્વિઝ સાથે નામ ગરવી ગુજરાત ન્યુઝ પેપરમાં જાહેર કરવામાં આવશે

### વાચક મિત્રો આ રહ્યા પ્રથમ જ્ઞાન ક્વિઝના 8 સવાલોના જવાબો તથા ક્વિઝના વિજેતા

| | | | |
|---|---|---|---|
| Q-1 = B | Q-3= D | Q-5= C | Q-7 = A |
| Q-2 = A | Q-4= A | Q-6 = B | Q-8 = B |

**આપના જવાબો +14373130062 આ વ્હોટ્સએપ નંબર પર મોકલવા.**



કંઠ પટેલ
Bedford NS



નિર્મળાબેન દરજી
બ્રેમ્પટન કેનેડા



મિલિંદ વ્યાસ
વેન કુવર, કેનેડા

### સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ

તમારું જ્ઞાન અજમાવો -
જવાબો આવતા અંકમાં જાહેર કરાશે!

**આજની ક્વિઝના પ્રશ્નો:**
**સાપ્તાહિક જ્ઞાન ક્વિઝ -4**
**(Multiple Choice)**

1. ભારતનો રાષ્ટ્રીય પ્રાણી કયું છે?
   a) સિંહ
   b) વાઘ
   c) હાથી
   d) હરણ
2. 'ગીતાંજલી' કાવ્યસંગ્રહ માટે નોબેલ પુરસ્કાર કોને મળ્યો હતો?
   a) રવીન્દ્રનાથ ટાગોર
   b) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
   c) મુન્શી પ્રેમચંદ
   d) કાલિદાસ
3. ગુજરાતની ગિરનારમાં આવેલું પ્રખ્યાત મંદિર કયું છે?
   a) સોમનાથ
   b) પાળીતાણા
   c) અંબાજી
   d) નર્સિંહ મહાદેવ
4. કમ્પ્યુટરમાં 'CPU' નો અર્થ શું થાય
   a) Central Processing Unit
   b) Computer Power Utility
   c) Central Program Unit
   d) Control Processing Utility
5. ભારતની પ્રથમ મહિલા પ્રધાનમંત્રી કોણ હતી?
   a) પ્રતિભા પાટિલ
   b) સરોજિની નાયડુ
   c) ઈન્દિરા ગાંધી
   d) સુષ્મા સ્વરાજ
6. ચંદ્ર પર પગ મૂકનાર સૌપ્રથમ માનવી કોણ હતા?
   a) યૂરી ગાગારિન
   b) નીલ આર્મસ્ટ્રોંગ
   c) એડવિન અલ્ડ્રિન
   d) માઈકલ કોલિન્સ
7. એશિયાનો સૌથી મોટો સરોવર કયું ?
   a) કસ્પિયન સમુદ્ર
   b) બૈકલ સરોવર
   c) ડાલ સરોવર
   d) વિક્ટોરિયા સરોવર
8. 'વંદે માતરમ' ગીત કોણે લખ્યું?
   a) રવીન્દ્રનાથ ટાગોર
   b) બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય
   c) મહાત્મા ગાંધી
   d) દાદાભાઈ




GAJ VALLEY PEARL
GAJ GROUP
ગણેશ ઉત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ
25+ WORLD-CLASS AMENITIES
PLOTS & FARMHOUSE
Near Vadodara for NRI Investors
Vadodara Gujarat
PLOT 6.99 LACS ONWARDS
PLOT AREA 999 SQ.FT.
WEBSITE
LOCATION
Site: At CHIPAD, DATTPURA TO ALVA ROAD, TA. WAGHODIYA, DIST. VADODARA – 391760.
Website: www.gajgroup.in
972 600 8000
PROJECT BY:
SPARK™ INFRAMARK PVT. LTD.
*CONDITIONS APPLY

# વિદેશમાં પણ ગુજરાતીઓની બિઝનેસમાં હરણફાળ





ગુજરાતીઓ ગરબામાં તો નંબર વન છે જ પરંતુ બિઝનેસમાં પણ હરણફાળ ભરી છે. કેનેડામાં પણ હવે ગુજરાતીઓ ધંધામાં પોતાનો દબદબો બતાવી રહ્યા છે.

દરેક ક્ષેત્રે ગુજરાતીઓ હવે કેનેડામાં પણ અગ્રીમ પંક્તિમાં નીકળી રહ્યા છે ત્યારે ગણપતિ સ્થાપનાના દિવસે જ વધુ એક ગુજરાતી પેઢી શરૂ થઈ જેમાં ગુજરાતી મિત્રો શ્રી નિખિલ પટેલ, શ્રી વિરલ પટેલ અને શ્રી વેનિશ પટેલની પાર્ટનરશિપમાં ગુજરાતથી એમ આર એગ્રો કંપનીના પોતાના ઉત્પાદનને કંપનીના માલિક શ્રી મિતેશ પટેલ અને અલ્પેશ પટેલના સહયોગથી ગુજરાતી ઊંઝાના સ્પેશિયલ મરી મસાલા તથા દરેક પ્રકારની ગ્રોસરી ઈન્ડિયાથી ફ્રેશ મંગાવીને



મૈત્રમ ફુડ્સ લિમિટેડ નામે સ્ટોર શરૂ કરીને બિઝનેસ ક્ષેત્ર હરણફાળ ભરી છે અને ઉદઘાટન પ્રસંગે મોટી સંખ્યામાં ગુજરાતીઓએ ખરીદીનો લાભ લઈ તેમને પ્રોત્સાહિત પણ કર્યા છે તથા તેઓએ 31 ઓગસ્ટ સુધી સૌને ડિસ્કાઉન્ટ આપવાનું પણ જાહેર કર્યું છે.

**Mitram Foods Ltd.**
**386 Deerhust Dr. Brampton, ON L6T 5H9, Canada**
**info@mitramfoods.com**

# કુદરતની અણમોલ ભેટ એટલે હાસ્ય

**લખક : ઘનશ્યામ પટેલ (ખુશ) કેલગરી**

હાસ્ય એ શ્રેષ્ઠ ઔષધ છે. હાસ્ય શરીર અને મનને નીરોગી રાખવા ખૂબ જરૂરી છે. આજીવન તંદુરસ્તી મેળવવાનો સરળ રસ્તો છે .જ્યારે તમને તબિયતની ચિંતા થાય ત્યારે સારામાં સારો રસ્તો ખડખડાટ હસવાનો છે. વૈજ્ઞાનિક રીતે આ સિદ્ધ થયેલી હકીકત છે. તમારા તન અને મનના સ્વાસ્થ્ય માટે ખુલ્લા દિલનું ખડખડાટ હાસ્ય એ સૌ કોઈ અજમાવી શકે તેવું અકસીર ઔષધ છે .જાણે અજાણે , કારણ કે વિના કારણે, એકલા કે સમૂહમાં હસવાથી આનંદ અને ઉત્સાહ વધે છે. મનમાં શાંતિનો અનુભવ થાય છે. સર્વ ચિંતાઓ દૂર થાય છે , થોડાક જ સમયમાં બધું સારું લાગશે અને તાજગીનો અનુભવ થશે. હાસ્ય એ તણાવ ( સ્ટ્રેસ ) હળવો કરવામાં મદદ કરે છે .ભારતના જાણીતા ફિઝિશિયન ડો. મદન કટારીયાએ ૧૯૯૫ માં લાફ્ટર યોગાની શરૂઆત કરી અને હાસ્ય માટે જુદી જુદી ઘણી પ્રયુક્તિઓ ( ટેક્નિક્સ ) વિકસાવી.આજે વિશ્વના ઘણા દેશોમાં લાફીંગ ક્લબ દ્વારા લાફ્ટર યોગા થાય છે .

કુદરતે મનુષ્યને આપેલી અણમોલ ભેટ એટલે હાસ્ય .હસવામાં કંજુસાઈ કરવાની હોય નહીં. હસવાથી ઘણા ફાયદા થાય છે. હાસ્ય એ એક ટોનિક છે. આપણાથી જેટલું પીવાય એટલું પીવું જોઈએ. ખુલ્લા મનથી ખડખડાટ હસવાથી તંદુરસ્તી આપોઆપ પ્રાપ્ત થાય છે. હસવાથી. હસવાની ક્રિયાઓ કરવાથી આપણા શરીરમાંથી કાર્બન ડાયોક્સાઈડ બહાર નીકળે છે અને શુદ્ધ ઓક્સિજન શરીરમાં દાખલ થાય છે .સાચું જ કહ્યું છે કે એક મિનિટનું હાસ્ય એટલે 40 મિનિટનો આરામ.



લાફ્ટર યોગાથી શરીરના અંદરના અવયવોને મસાજ, માલિશ મળે છે. ખડખડાટ હસવાથી શરીરમાં રહેલો કફ, કચરો બહાર નીકળે છે. ફેફસા મજબૂત બને છે .ફેફસા માટેની આ શ્રેષ્ઠ કસરત છે. હાસ્યની ક્રિયાઓ કરવાથી નબળાઈ, દમ ,ઉધરસમાં ફાયદો થાય છે. લાફિંગ યોગાની કસરતો નિયમિત કરવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે અને વાયરસ કે બેક્ટેરિયાથી આપણો બચાવ થાય છે. શરીરમાં જમા થયેલી કેલરી હાસ્યની ક્રિયાઓ કરવાથી બળી જાય છે .પેટ અને પીઠના સ્નાયુઓ મજબૂત થાય છે . શરીર સુદ્રઢ બને છે. પાચનશક્તિ સુધરે છે , કબજિયાત દૂર થાય છે અને થાક દૂર થાય છે. સરળતાથી ઊંઘ આવે છે .નિયમિત રીતે લાફિંગ ક્લબમાં જવાથી, લાફિંગ ક્રિયાઓ, કસરતો કરવાથી શરીરના બધા જ અંગોને કસરત મળે છે. સાંધાના દુખાવામાં રાહત થાય છે, ગેસ દૂર થાય છે. શરીરની રક્તવાહિની ફૂલે છે પરિણામે લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય છે. સ્ફૂર્તિનો ખજાનો પ્રાપ્ત થાય છે અને ડાયાબિટીસના દર્દીઓને રાહત થાય છે .

આમ હાસ્ય એ સસ્તામાં સસ્તી દવા છે માટે ચહેરા પર હંમેશા સ્મિત રાખવું. હસતો ચહેરો સૌને ગમે છે. કોમેડી નાટક, જોક્સ માંથી રોજબરોજ આપણને હાસ્ય મળે છે તેનો આનંદ લેવો અને તનાવ દૂર કરવો, ખુશ રહેવું, મસ્ત રહેવું.

# ભારત-જાપાન મૈત્રીમાં સોનેરી પૃષ્ઠ આગામી 10 વર્ષ માટેનો રોડ મેપ તૈયાર : ઈન્ડો પેસિફિકમાં સ્થિરતા માટે બંને પ્રતિબદ્ધ



ટોક્યો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી જાપાનની બે દિવસની યાત્રાએ છે, તેઓએ જાપાનના વડાપ્રધાન શિગેરૂ ઈશિબા સાથે મંત્રણા કરી તે પછી તેઓએ કહ્યું : ભારત-જાપાન મૈત્રી માત્ર બે દેશો માટે જ નહીં પરંતુ વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે પણ અનિવાર્ય છે. તેઓએ વધુમાં કહ્યું કે મેં ભારત-જાપાન મૈત્રી માટે સોનાનો પાયો મુક્યો છે. આગામી ૧૦ વર્ષનો રોડ મેપ પણ તૈયાર છે. તેમાં ૯ વિઝન છે. ઈન્વેસ્ટમેન્ટ ઈનોવેશન, ઈકોનોમિક સિક્યોરિટી, પર્યાવરણ, ટેકનોલોજી, મોબિલિટી, પીપ-ટુ-પીપલ કોન્ટેક્ટ એન્ડ એક્ષચેન્જ તથા ટ્રેડ પાર્ટનરશિપ આગામી ૧૦ વર્ષમા જાપાન ભારતમાં ૧૦ ટ્રિલિયન યેનનું રોકાણ કરવાનું છે. આ ઉપરાંત ભારતનાં ચંદ્રયાન-૫ માટે બંને દેશોએ સહકારથી કામ કરવા નિર્ણય કર્યો હતો.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમે તે વાતમાં સહમત છીએ કે અમારી ભાગીદારી ઈન્ડો પેસિફિક વિસ્તારમાં શાંતિ અને સલામતી જાળવવા માટે મહત્ત્વની છે. દુનિયાની બે મોટી અર્થવ્યવસ્થાઓ અને જીવંત લોકતંત્ર તરીકે અમારી ભાગીદારી માત્ર બંને દેશો માટે જ નહીં વિશ્વ શાંતિ માટે પણ મહત્ત્વની છે.

ઉલ્લેખનીય છે કે જાપાન ભારતમાં નિવેશ માટેનું પાંચમુ સ્રોત છે. જાપાને ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં ભારતમાં ૪૩.૨ અબજ ડોલરનું મૂડી રોકાણ કર્યું છે.

નરેન્દ્ર મોદી ગઈકાલે ટોક્યો પહોંચ્યા ત્યારે વિમાનગૃહે તેઓનું ગાર્ડ ઓફ ઓનર સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું. જાપાનની બે દિવસની મુલાકાત પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ભાગ લેવા ચાયના પહોંચ્યા.







# સમસ્ત માનવ જગતને અલૌકિક જ્ઞાન દાતા, વિઘ્નહર્તા દેવ-શ્રીગણેશજી

## वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ । निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा ॥



સંકલન અને રજુઆત :- કિરીટ બી.ત્રિવેદી-"નિમિત", ગાંધીનગર, મો-૯૯૯૮૮૭૯૬૧૯

ભારતીય પૌરાણિક ધાર્મિક શાસ્ત્રો મુજબના વિવિધ પુસ્તકોમાં ભગવાન શિવ,પાર્વતિજી અને તેઓના સમસ્ત પરિવારની ખૂબજ સુંદર વાતો આપણે વાંચતા અને સાંભળતા આવ્યા છીએ અને હવે તો આધુનિક સમયમાં વિવિધ પ્રસારણ માધ્યમો દ્વારા સમસ્ત સૃષ્ટી આવી અલૌકિક અને હૃદયસ્પર્શી વાતોનો ઈતિહાસ જાણે કે પુનઃસજીવન થતો હોય એમ જોવાનું સદભાગ્ય મેળવે છે એનાથી વિશેષ આનંદ બીજો શું હોય આ પામર માનવીને? આજે સમસ્ત જગત દુંદાળા-દેવ ગણપતિજીની આરાધના,પુજા-અર્ચના-ભક્તિ કરવા થનગનાટ અનુભવી રહ્યો છે એ વિશેષ પર્વનો રૂડો અવસર આવ્યો છે ત્યારે શ્રી ગણપતિજીની કૃપા સૌ પર બની રહે એવી પ્રાર્થના સહ શુભેચ્છાઓ. ગણેશ નામ સંસ્કૃત સંયોજન છે,જે ગણ શબ્દનો અર્થ "સમૂહ", "સમૂહ" અથવા "શ્રેષ્ઠ" થાય છે અને "ઈશ " શબ્દનો અર્થ "સ્વામી" થાય છે.ગણપતિ શબ્દનો સૌથી પહેલો ઉલ્લેખ ઋગવેદના બીજા સહસ્ત્રાબ્દીના સ્ત્રોતમાં જોવા મળે છે.

અમરકોષ એક પ્રારંભિક સંસ્કૃત શબ્દકોશમાં, ગણેશજીના આઠ સમાનાર્થી શબ્દો દર્શાવે છે. વિનાયક-બિનાયક એ ગણેશનું એક સામાન્ય નામ છે જે પુરાણોમાં અને બૌધ્ધ તંત્રોમાં જોવા મળે છે.આ નામ મહારાષ્ટ્રના આઠ પ્રખ્યાત ગણેશ મંદિરોના નામકરણમાં પ્રતિબિંબિત થાય છે જે અષ્ટવિનાયક તરીકે ઓળખાય છે વિઘ્નેશ અને વિઘ્નેશ્વર -અવરોધોના ભગવાન-નામો હિન્દુ ધર્મમાં તેમના મુખ્ય કાર્યને અવરોધોના સ્વામી અને દૂર કરનાર (વિઘ્ન હર્તા) તરીકે દર્શાવે છે.

ગણેશ ચતુર્થી:- ઈ.સ.૧૮૯૩ માં લોકમાન્ય તિલકે આ વાર્ષિક ગણેશ ઉત્સવને ખાનગી કૌટુંબિક ઉજવણીઓમાંથી એક ભવ્ય જાહેર કાર્યક્રમમાં પરિવર્તિત કર્યો હતો અને તેમણે મહારાષ્ટ્રમાં બ્રિટિશરો સામેના તેમના રાષ્ટ્રવાદી પ્રયાસોમાં " બ્રાહ્મણો અને બ્રાહ્મણો વચ્ચેના અંતરને દૂર કરવા અને તેમની વચ્ચે નવી પાયાની એકતા બનાવવા માટે યોગ્ય સંદર્ભ શોધવા" માટે આમ કર્યું. "સર્વ માનવજાતના દેવ"તરીકે ગણેશજીની વ્યાપક અપીલને કારણે,લોકમાન્ય તિલકે તેમને બ્રિટિશ શાસન સામે ભારતીય વિરોધ માટે એક રેલી-બિંદુ તરીકે પસંદ કર્યા હતા. લોકમાન્ય તિલક સૌ પ્રથમ હતા જેમણે મંડપમાં ગણેશજીની મોટી જાહેર છબીઓ સ્થાપિત કરી અને તેમણે દસમા દિવસે બધી જાહેર છબીઓને પાણીમાં જલમગ્ન કરવાની (ડુબાડવાની) પ્રથા સ્થાપિત કરી.આજે, સમગ્ર ભારતમાં હિન્દુઓ ગણપતિ ઉત્સવ ખૂબ જ ઉત્સાહથી ઉજવે છે.મહારાષ્ટ્ર રાજ્યમાં સૌથી વધુ લોકપ્રિય છે અને આ તહેવાર મુંબઈ, પુણે અને અષ્ટવિનાયક મંદિરોની આસપાસના વિસ્તારોમાં પણ મોટા પ્રમાણમાં ઉજવાય છે.હિન્દુ મંદિરોમાં ગણેશને વિવિધ રીતે દર્શાવવામાં આવ્યા છે:ગૌણ દેવતા(પાર્શ્વ-દેવતા) તરીકે; મુખ્ય દેવતા(પરિવાર-દેવતા) સાથે સંબંધિત દેવતા તરીકે; અથવા મંદિરના મુખ્ય દેવતા (પ્રધાન) તરીકે. આ ઉપરાંત, ઘણા મંદિરો ગણેશને સમર્પિત છે,જેમાંથી મહારાષ્ટ્રમાં અષ્ટવિનાયક -આઠ ગણેશ મંદિર-ખાસ કરીને જાણીતા છે.પુણે શહેરથી ૧૦૦કિલોમીટરના આઠ મંદિરોમાંથી દરેક ગણપતિના ચોક્કસ સ્વરૂપની ઉજવણી કરે છે જે તેની પોતાની વિદ્યા સાથે પૂર્ણ છે.આ ઉપરાંત અન્ય ઘણા મંદિરો દેશ વિદેશમાં જોવા મળે છે.મુંબઈમાં સિધ્ધિવિનાયક મંદિર મુખ્ય ગણાય છે.ગુજરાતમા પણ અનેક પૌરાણિક અને મહતવના મંદીરો આવેલ છે જેમાં વડોદરા ખાતે અને બગોદરા-(અમદાવાદથી આશરે ૬૦ કીમી) પાસેનું ગણપતપુરા-ગણપતિજીનું મંદીર પ્રખ્યાત છે તેમજ અમદાવાદમાં એલિસ બ્રીજ પાસે એક પુરાતન મંદીર આવેલું છે જેનું પણ ખૂબજ મહત્વ છે.

ગણપતિજીને વિઘ્નેશ અને વિઘ્નેશ્વર -પણ કહે છે જે અવરોધોના સ્વામી અને દૂર કરનાર (વિઘ્ન હર્તા) તરીકેની તેઓની અલગ અને સુંદર મજાની ઓળખ દર્શાવે છે વિઘ્નહર્તા દેવ તરીકે ગણપતિની પુજા તો થાય છે પણ શિવ ભગવાને શ્રી ગણેશજીને એક સુંદર આશીર્વાદ આપ્યા તે ખરેખર અદભૂત અને અદિત્ય છે."વિશ્વમાં મનુષ્ય આ જગતમાં કોઈપણ સારા કાર્યોની શરુઆત કરે ત્યારે સૌ પ્રથમ તેઓ-ગણપતિ જીની-પુજા કરશે અને ઈચ્છીત ફળ પ્રાપ્ત કરશે".

ભગવાન શિવના આશીર્વાદ એક પિતા તરીકે ખૂબજ અલૌકિક છે.શિવ ભગવાનની અને ગણેશજીની પ્રથમ મુલાકાત અને ત્યારબાદની વાર્તાઓ આપણે જાણીએ છીએ પણ હકીકતમાં ગણેશજીના શરીર પર હાથીનું મસ્તક હોવું એ માત્ર એક કલ્પિત વાર્તા નથી પણ ઘણાં બધાં ઉપદેશો એમાં કોઈ ગુઢ રહસ્ય તરીકે છુપાયેલા છે એવું લાગે છે. શિવજીની પોતે પણ એક પ્રેરક વાત કહી રહ્યા હોય એવું ફલિત થાય છે, એક વાત એ શીખવા મળી કે કદી ક્યારેય કોઈ કાર્ય ઉતાવળથી ન કરવું જોઈએ અન્યથા બાદમાં પસ્તાવો કરવાનું થાય. બીજી વાત,પોતાના પુત્ર માટે અનહદ પ્રેમ રાખવો, તેની કોઈપણ પ્રકારની મુશ્કેલી હોય તેને એક માતા-પિતા તરીકેનો પ્યાર હમેંશા આપતો રહેવો એ એક ફરજનો ભાગ છે.ત્રીજી મહત્વની વાત કે કોઈ પણ માતાપિતા માટે પોતાનું સંતાન જીવનમાં હર હમેંશ આગળ પ્રગતિ કરે તેવી ભાવના અને આશીર્વાદ તો દરેક માતા પિતા પોતાના સંતાનને આપતા જ હોય છે જે તેઓ માટે ગર્વની બાબત બને છે,પોતાના સંતાનોની પ્રગતિ થાય એવું શિવ ભગવાન પણ આશીર્વાદ આપે છે અને સૌથી વધું સારું જ્ઞાન કે જગતમાં દરેક જીવ જંતુઓ,પ્રાણીઓ પર દયા ભાવ રાખવો એ પણ સારા મનુષ્યના લક્ષણો અને ગુણો છે.આપણા ભોળાનાથ શિવ ભગવાન તો આપણાં સૌના હૃદયમાં હમેંશા બિરાજમાન હોય છે આદી અનાદી કાળથી સૌ આ સૃષ્ટીના પરમ કૃપાળુ ઈશ્વરની પુજા ભક્તિ ભાવથી કરતા આવ્યા છે ત્યારે પણ પોતાના પુત્રની શ્રી ગણેશજીની સૌ પ્રથમ પુજા અર્ચના કરે એવા આશીર્વાદથી આપણને સૌને પણ ધન્ય બનાવી દીધા એ વાસ્તવિકતા છે. શ્રી ગણેશજી પોતાના અદભુત દેખાવ દ્વારા માનવ સમાજ માટે ઉચ્ચ શિક્ષણ આપે છે તે તો સર્વવિદિત વાત છે. સૌની વાત નિરાંતે સાભળવી જોઈએ,નજર દરેક બાબત પર રાખવી જોઈએ, કોઈએ તમારા પર વિશ્વાસ રાખી જો કોઈ ખાનગી વાત કરી હોય તો તે અન્યને જાહેર ન કરવી જોઈએ,મન હમેંશા સ્થિર રાખવું જોઈએ,દરેક પ્રાણી માટે સમભાવ રાખવો જોઈએ એવી અનેક જ્ઞાનસભર શિક્ષણ શ્રીગણેશજી આપણને આપે છે અને સૌથી મહત્વની શિક્ષા કે સમજણ શ્રી ગણેશજીએ આપી છે તે એ છે કે,માતા-પિતા જ આપણા સૌ માટે પરમ વંદનીય અને આદરને પાત્ર હોય છે એ ભગવાન સ્વરુપ જ હોય છે તેઓની સેવા ચાકરી કરવી અને માન-મર્યાદા રાખીએ એટલે સંસારનું અદભુત સુખ મળે છે.ગણેશ ચર્તુર્થીથી લઈને દસ દિવસ- અનંત ચતુર્થી સુધીના આ પાવન દિવસો દરમ્યાન શ્રી ગણેશજીની નિત્ય સેવા પુજા ભક્તિ ભાવથી કરીએ અને પરમ વંદનીય અને વિઘ્ન હર્તા ભગવાન શ્રી ગણેશના ચરણોમાં વંદન અને સૌની મનોકામનાઓ પુર્ણ થાય એવી પ્રાર્થના સાથે પ્રણામ સાથે જય શ્રીગણેશ. ઓમ નમઃ શિવાય.

ગણેશ ઉત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ



IATA

Best Voyage Pvt. Ltd.

CELEBRATING 25th ANNIVERSARY

SINCE 2000

scan me

## 1,40,000 કરતાં વધુ ફેમિલી ટૂર ના સફળ આયોજક

તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે.
બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.

## ઓક્ટોબર


સ્વિટ્ઝર્લેન્ડ અને પેરિસ
09 રાત્રિ - 10 દિવસ
22 ઓક્ટોબર


આઈસલેન્ડ
09 રાત્રિ - 10 દિવસ
22 ઓક્ટોબર


તુર્કી
10 રાત્રિ - 11 દિવસ
21 ઓક્ટોબર


અમેરિકા
12 રાત્રિ - 13 દિવસ
22 ઓક્ટોબર


સાઉથ આફ્રિકા
11 રાત્રિ - 12 દિવસ
20, 22, 23 , 31 ઓક્ટોબર


ન્યુઝીલેન્ડ
12 રાત્રિ - 13 દિવસ
19, 20, 22 ઓક્ટોબર


ઓસ્ટ્રેલિયા
12 રાત્રિ - 13 દિવસ
19, 21, 22, 23 ઓક્ટોબર


વિયેતનામ
08 રાત્રિ - 09 દિવસ
21,23,24 ઓક્ટોબર


શ્રીલંકા
07 રાત્રી - 08 દિવસ
12, 22, 23 ઓક્ટોબર


વિયેતનામ
10 રાત્રિ - 11 દિવસ
23 ઓક્ટોબર


અઝરબૈજાન
07 રાત્રી - 08 દિવસ
20, 22, 23, 24, ઓક્ટોબર


અઝરબૈજાન & જ્યોર્જિયા
11 રાત્રિ - 12 દિવસ
22 ઓક્ટોબર

## ડિસેમ્બર - 2025 થી માર્ચ - 2026


ઓસ્ટ્રેલિયા
11 રાત્રિ - 12 દિવસ
07 ડિસેમ્બર, 20 જાન્યુઆરી
06 ફેબ્રુઆરી , 16 ફેબ્રુઆરી


ન્યુઝીલેન્ડ
11 રાત્રિ - 12 દિવસ
19 જાન્યુઆરી
15 ફેબ્રુઆરી - 06 માર્ચ


ન્યુઝીલેન્ડ & ઓસ્ટ્રેલિયા
17 રાત્રિ 18 દિવસ
21 જાન્યુઆરી
17 ફેબ્રુઆરી


સાઉથ આફ્રિકા
10 રાત્રિ - 11 દિવસ
12 ડિસેમ્બર - 18 જાન્યુઆરી
12 ફેબ્રુઆરી - 22 માર્ચ


આઈસલેન્ડ
09 રાત્રિ - 10 દિવસ
01 માર્ચ


વિયેતનામ
08 રાત્રિ - 09 દિવસ
08 જાન્યુઆરી - 15 જાન્યુઆરી
20 ફેબ્રુઆરી - 02 માર્ચ


સ્કેન્ડીનેવ્યા
12 રાત્રિ - 13 દિવસ
15 માર્ચ

## હેડ ઓફિસ

એસએફ ૧-૨/૧૦૧-03, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ,
સી.જી. રોડ અમદાવાદ–૩૮૦૦૦૯, ગુજરાત

**બ્રાંચ ઓફિસ** નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ
જામનગર - ગાંધીનગર - કલોલ

+91 99989 77746, +91 7574000353

www.bestvoyage.in




HOMELIFE
HIGHER STANDARDS

HomeLife/Miracle Realty Ltd.

Brokerage, Independently
Owned & Operated

SANJU PATEL
Broker

DIRECT 647-721-0491
OFFICE 905-454-4000
FAX 905-463-0811

REALTOR®
MLS MULTIPLE LISTING SERVICE®

Email realtorsanju@gmail.com
Web www.shivbijhomes.com



પહેલા પાનાનું અનુસંધાન....

# યુનાઈટેડ ગુજરાતી સિનિયર પરિવારે કેનેડામાં ઉજવ્યો નંદમહોત્સવ...








આરતી બાદ લાલનને ટોપલા માં પધરાવી નંદબાવા [સુભાષભાઈ શાહ] સાથે બધા શોભાયાત્રા માં જોડાયા હતા શોભા યાત્રામાં "શ્રી કૃષ્ણ સરનમ મમ અને વલ્લભ વિઠ્ઠલ ગિરિધારીના ગાનથી ઝાઝ મંજીરા કરતાલ સાથે પાર્ક માં ફરેલ અને પાર્કને ગુંજવી નાખેલ. શોભા યાત્રા દરમ્યાન રાસ, પુષ્ટિ ગરબાનો બધા એ લાભ લીધેલ,

શોભા યાત્રા પૂર્ણ થયા બાદ સમૂહ માં જોડાઈ "દહીં હાંડી"નો પ્રોગ્રામ સુંદર રીતે ભક્તિ ભાવથી કરેલ અને મટકી ફોડના બે ત્રણ ગીત પાર બધા ખબજ કુદીને આનંદ માની અને મટકી ફોડના મનોરથી દક્ષાબેન રાજા દ્વારા મટકી ફોડાવી અને તેમના દ્વારા જ બધાને એમાંની પ્રસાદી લૂંટાવી હતી

સમગ્ર પૂજા વિધિ સફળ રીતે પૂર્ણ થઈ એ બદલ ઠાકોરજીના આશીર્વાદના ભાવથી શ્રી દિલીપભાઈ પાઠકે સમાપણ વિધિ મનોરથીની હાજરી માં શ્લોકથી પૂર્ણ કરેલ અને અંત માં કદાચ ભૂલચૂક કે ક્ષતિ થઈ હોય તો તેની પ્રભુ સમઝ માફી માગતી વિંનતી કરેલ.

પૂજન વિધિ બાદ આ ઉજવણી અગાઉ અશ્વિન શાહની વિંનતીથી તૈયાર થયેલ પરફોર્મન્સ માં રહેલ બધા ગોપ ગોવાળના પોશાક માં તૈયાર થયેલ સાથે પરિવારના બધા સભ્યો "પુષ્ટિ કાર્યક્રમ"નો લાભ લેવા જોડાયા હતા. આ કાર્યક્રમ ભાગ લેવા ઈચ્છુક સર્વેને સમયની ધ્યાન માં રાખી એમના નૃત્ય, ભજન, કીર્તન કે ધોળપદ માટે સમાવવામાં આવેલ.

આ કાર્યક્રમ સંકલન કરવા માં દિલીપભાઈ પરીખનો સિંહફાળો હતો, નૃત્ય માં શિલ્પાબેન, સીતાબેન, નીલાબેન, દિપીકાબેન, ચારુબેન [કૃષ્ણ] રેણુકાબેન, ઈન્દીરાબેન, ગીતાબેન, નીમાબેન, રજનીબેન, હર્ષદભાઈ પારેખ, મીનાબેન મોઢ, અને અન્ય મહેમાન તથા ભજન કીર્તન માં રોહિણીબેન, કનુભાઈ, શશીકાન્ત ઓઝા એ ભાગ લીધેલ અને આ બધાના સાથ અને સહકારથી અમારા આજના આ પ્રસંગને ચાર ચાંદ લાગી ગયા હતાને પરિવારના દરેક સભ્યો ખુબ જ ખુશ થઈ ગયા હતા.


આ બધી ઉજવણી આશરે 3.00 વાગે પૂર્ણ થઈ હતી અને અશોકભાઈ દેસાઈ અને બીજા સભ્યો જમણ લઈ આવેલ જે બધાને પીરસવામાં આવેલ આ વખતે જમણ માં સુરતી પેટીસ,પુરી, વળમૂઠડી નું શાક, ફણગાવેલ મગ. ખીર અને પાપડ પાપડી પીરસવામાં આવેલ જે પત્યા બાદ બધા ગપસપ કરેલ અને

અંત માં બિપીનભાઈ પંચાલ પરિવાર માટે વાડીલાલનો રાજભોગ આઈસ્ક્રીમ લેવા જવાની તજવીજ કરેલ જે પીરસવા માં આવેલ અને બધા એ આનંદ પૂર્વક માણેલ.

આ વખતે રોકડની લેવડ દેવડની કાર્યવાહી પરિવાર નાજ સભ્ય અરુણભાઈ દવે એ સંભાળી હતી,

અંત માં ગ્રુપ કો-ઓર્ડીનેટર, અશ્વિન શાહે પરિવારના દરેક સભ્યો સક્રિય ફાળો આપ્યો હોવાથી બધાનો હૃદય પૂર્વક આભાર માણેલ અને આગામી નવરાત્રી નિમિત્તે ગરબાનો તહેવાર આ રીતે જ ઉજવવાની જાહેરાત કરી હતી જે ઉત્સાહ પૂર્વક ભવ્ય ઉજવણી કરવાની ચર્ચા કરતા છુટા પડયા હતા


ગણેશ ઉત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ
Ankur Shah
REAL ESTATE BROKER
647.866.4400
www.realtorankur.com
RealtorAnkur@gmail.com


Physiotherapy • Osteopath
Massage Therapy
Acupuncture • Orthotics
Chiropractor • Chiropody
Compression Stocking
✓ MVA ✓ WSIB
Tel: 416-551-8466 | Fax: 416-551-9964
albionfinchphysio@gmail.com
1620 Albion Rd., Unit 305, Etobicoke, ON M9V 4B4
albion finch
PHYSIO & REHAB

# વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરોન્ટો ખાતે ગણપતિ બાપાનું વાજતે ગાજતે આગમન








**વડતાલ ધામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભાવિક ભક્તોએ ગણપતિ ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ છે, તમા રોજ સાંજે સાધ્યા આરતી થશે. દર્શનનો સમય સવારે 8 થી 12 સાંજે 4 થી 8 રહેશે. વડતાલ ધામ સમિતિ તરફથી દરેક ભક્તોને પધારવા હાર્દિક નિમંત્રણ છે, બાપાની વિસર્જન યાત્રા આનંદ ચતુર્થી સપ્ટેમ્બર 6 સાંજે 4 વાગે નીકળશે.**

**મંદિરનું એડ્રેસ : Unit 3 2400 finch Avenue west North York M9M 2C8**

**વધુ માહિતી માટે સંપર્ક કરો ધવલ સોની 647 236 4148, વિપુલ પટેલ 416 880 2962**

# અનોખા અભિગમ સાથે ગણેશજી

ભારતીય સંસ્કૃતિની જાળવણીના ભાગરૂપે કેનેડામાં પણ સૌ ભક્તો પરમ પૂજ્ય ગણપતિ દાદાની વધામણી સાથે સ્થાપના કરતા હોય છે ત્યારે કેનેડાના જ્યોતિષ આચાર્ય એવા શ્રી સુરેશભાઈ ગાંધી પરિવારે પરિવાર સાથે એકત્ર થઈ દાદાને ખૂબ ભક્તિ ભાવ પૂર્વક આમંત્રણ આપ્યું અને દાદાએ સ્વીકારી આજે દાદાનું આગમન તેમના ઘરે જલારામ કુટીર માં થયું તે સમયે મોટી સંખ્યામાં તેમના પરિવારજનો અને મિત્ર મંડળ ભક્તિના રંગે રંગાયો હતો શ્રી સુરેશભાઈ ગાંધી નો પરિવાર છેલ્લા ઘણા સમયથી ગણેશ સ્થાપના કરતો આવ્યો છે પરંતુ આ પરિવારે એક ખૂબ જ મહત્વનો અભિગમ શરૂ કર્યો છે તે ખરેખર ખૂબ જ સરાહનીય છે અને દરેક પરિવારે અનુકરણ કરવા યોગ્ય છે આ પરિવાર દર વર્ષે શ્રી સુરેશભાઈ ગાંધીના ઘરમાં જ તેમના સુપુત્ર તથા તેમની બે દીકરી બધા જ એક જ સ્થાન પર ગણેશજીની સ્થાપના કરે છે એક જ સ્થાપન પર બધા પોતાની અલગ અલગ મૂર્તિની સ્થાપના કરે છે અને મહત્વની વાત તો એ છે કે જ્યાં સુધી ગણપતિ દાદા ઘરમાં બિરાજમાન હોય ત્યાં સુધી પૂરો ગાંધી પરિવાર દરરોજ સવારે અને સાંજે એક સાથે પૂજા અર્ચના


સુરેશભાઈ ગાંધી, જ્યોતિષ

અને દરરોજ મહાપ્રસાદી પણ સાથે લે છે અને પૂરા પરિવારમાં એમના દીકરી જમાઈ તો હોય છે જ પરંતુ વેવાઈ પરિવાર ની પણ હાજરી હોય છે આ ભારતીય સંસ્કૃતિને ગૌરવ અપાવે એવી ખૂબ નોંધનીય બાબત છે

# ગણેશ ઉત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ

## "Honest Deals. Real Results."

Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey

**Jignesh Patel**
REAL ESTATE BROKER

Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!

- Personalized Guidance for Buyer & Sellers
- More Than 5+ Years of Experience
- Transparent Service
- Check Reviews on Google & Instagram and Lets get Started!!



Let's Get Started
647-381-1492

realtor@jignesh.ca

5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca

HOMELIFE
HIGHER STANDARDS

HomeLife/Miracle Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# શ્રી રાધાજીની અષ્ટસખી



સંકલન : - શ્રી ભદ્રેશભાઈ શાહ, ગોધરા , ગુજરાત

અષ્ટસખીની પ્રચલિત નામોમાં લલિતા, વિશાખા, ચંપકલતા, ચિત્રા, તુંગવિદ્યા, ઈન્દુલેખા, રંગદેવી અને સુદેવીનો સમાવેશ થાય છે. આ તમામ આઠ અગ્રણી ગોપીઓને કૃષ્ણની મુખ્ય સખી રાધાના વિસ્તરીત સ્વરૂપ તરીકે ગણવામાં આવે છે.

(૧) લલિતાઃ- આઠ મુખ્ય સખીઓમાં લલિતા અગ્રણી સખી છે. તેઓ અષ્ટસખીઓમાં સૌથી મોટી ગોપી છે અને રાધા કરતાં ૨૭ દિવસ મોટા છે. તેમનો જન્મ માતા-પિતા વિશોક (પિતા) અને સારડી (માતા) ને ઘેર બરસાણા નજીક ઉંચગાંવમાં થયો હતો. શ્રી લલિતા સખી મંદિર, ઉંચગાંવ નામનું મંદિર તેમના ગામમાં આવેલું છે જે તેમને સમર્પિત છે. રાધા-કૃષ્ણ લીલામાં, જ્યારે રાધાને કૃષ્ણથી અલગ થવાનો સમય આવે છે ત્યારે તેને શાંત કરી અને પછી રાધા-કૃષ્ણની મુલાકાત ગોઠવવાનું કાર્ય લલિતાએ કર્યું હતું. કળિયુગમાં વૃંદાવનના લોકપ્રિય સંત અને સંગીતકાર સ્વામી હરિદાસને લલિતાનો અવતાર કહેવામાં આવે છે. તેમણે વૃંદાવનના નિધિવનમાં બાંકે બિહારીની મૂર્તિ પ્રગટ કરી હોવાનું કહેવાય છે.

(૨) વિશાખાઃ - બીજી અગ્રણી ગોપી વિશાખા છે. દૈવી દંપતીના વસ્ત્રો અને શણગારની વ્યવસ્થા કરવાની સેવા વિશાખા કરે છે. તે રાધા જેટલી જ ઉંમરની છે. વિશાખાનો જન્મ કામાઈ ગામમાં તેના માતા-પિતા પવન (પિતા) અને વાહિકા (માતા)ને ઘેર થયો હોવાનું માનવામાં આવે છે. કળિયુગમાં સ્વામી હરિરામ વ્યાસને વિશાખાનો અવતાર માનવામાં આવે છે. વિશાખાને સમર્પિત મંદિર શ્રી વિશાખા રાધા રમણ બિહારીજી મંદિર તેમના ગામ કામાઈ, ઉત્તર પ્રદેશમાં આવેલું છે.

(૩) ચંપકલતાઃ- અષ્ટસખીના સમૂહમાં ચંપકલતા ત્રીજી સૌથી વરિષ્ઠ ગોપી છે. તેમનો જન્મ તેમની માતા વાટિકા દેવી અને પિતા અરમાને ત્યાં વ્રજ પ્રદેશના કરહલા ગામમાં થયો હતો. ચંપકલતા રાધા કરતાં એક દિવસ નાની છે અને તેમની પ્રાથમિક સેવા જંગલમાંથી ફળો અને શાકભાજી એકત્ર કરી દૈવી દંપતી રાધા-કૃષ્ણ માટે ભોજન રાંધવાની છે. ચંપકલતાને સમર્પિત મંદિર, શ્રી ચંપકલતા સખી મંદિર, ઉત્તર પ્રદેશના કરહાલામાં આવેલું છે. પુષ્ટિમાર્ગ પરંપરામાં, વલ્લભાચાર્યના શિષ્ય પદ્મનાભદાસને ચંપકલતાનો અવતાર માનવામાં આવે છે.


(૪) ચિત્રાઃ - ચિત્રા ચોથી અગ્રણી ગોપી છે, જેમનો જન્મ ઉત્તર પ્રદેશના ચિકસૌલી ગામમાં તેમની માતા કાર્સિકા અને પિતા કાતુરાને ઘેર થયો હતો. તે રાધા કરતા ૨૬ દિવસ મોટી છે. તે જલતરંગ (વિવિધ પ્રમાણમાં પાણીથી ભરેલા વાસણો પર સંગીત) વગાડવામાં નિષ્ણાત છે. તે ખગોળશાસ્ત્ર અને જ્યોતિષ સાથે સંબંધિત સાહિત્યને સારી રીતે જાણે છે અને તે પાળેલા પ્રાણીઓના રક્ષણની સૈદ્ધાંતિક અને વ્યવહારિક પ્રવૃત્તિઓ પણ જાણે છે. તે ખાસ કરીને બાગકામમાં નિષ્ણાત છે. તેમને સમર્પિત શ્રી ચિત્ર સખી મંદિર, ચિકસૌલી તરીકે ઓળખાતું એક મંદિર તેમના ગામમાં આવેલું છે.

(૫)તુંગવિદ્યાઃ- અષ્ટસખીના સમૂહમાં તુંગવિદ્યા એ પાંચમી અગ્રણી સખી છે. તે રાધા કરતાં પંદર દિવસ મોટી છે અને ઉત્તર પ્રદેશના ડભાલા ગામમાં માતા-પિતા મેધા-દેવી (માતા) અને પુસ્કરા (પિતા)ને ત્યાં જન્મી છે. તે અતીન્દ્રિય મધુરતા, નૈતિકતા, નૃત્ય, નાટક, સાહિત્ય અને અન્ય તમામ કળા અને વિજ્ઞાન જાણે છે. તે એક પ્રખ્યાત સંગીત શિક્ષક છે અને વીણા વગાડવામાં અને ગાવામાં નિષ્ણાત છે. દાભાલામાં શ્રી તુંગવિદ્યા સખી મંદિર નામનું મંદિર તેમને સમર્પિત છે.

(૬) ઈન્દુલેખાઃ- ઈન્દુલેખા એ છઠ્ઠી અગ્રણી સખી છે. તેમનો જન્મ ઉત્તર પ્રદેશના અંજનોકા ગામમાં તેના પિતા સાગરા અને માતા વેલા દેવીને ત્યાં થયો હતો. તેમની મુખ્ય સેવા રાધા-કૃષ્ણ માટે ભોજન તૈયાર કરવાની હતી અને કેટલાક જ્ઞાનીઓ અનુસાર તેમની અન્ય પ્રાથમિક સેવાઓ નૃત્ય પણ હતી. ઈન્દુલેખા રાધા કરતાં ત્રણ દિવસ નાની છે. અંજનોકામાં આવેલું શ્રી ઈન્દુલેખા સખી મંદિર નામનું મંદિર તેમને સમર્પિત છે.

(૭) રંગદેવીઃ - રંગદેવી અષ્ટસખીમાં સાતમી અગ્રણી ગોપી છે. તેમનો જન્મ તેમની માતા-પિતા કરુણા-દેવી (માતા) અને રંગાસરા (પિતા)ને ઘેર રખોલીમાં થયો હતો. તેઓ રાધા કરતાં સાત દિવસ નાના છે. તેમના લક્ષણો ચંપકલતા જેવા જ છે. તેઓ એક નિષ્ણાત તર્કશાસ્ત્રી છે અને કૃષ્ણની હાજરીમાં રાધા સાથે મજાક કરવાનો તેમને શોખ છે. તેણીની સેવાઓમાં સુગંધિત ધૂપ બાળવી, શિયાળા દરમિયાન કોલસો વહન કરવો અને ઉનાળામાં દૈવી દંપતીને પંખો કરવો વગેરેનો સમાવેશ થાય છે. રખોલીમાં આવેલું શ્રી રાધા મનોહર રંગદેવી મંદિર નામનું મંદિર તેમને સમર્પિત છે.

(૮) સુદેવીઃ- અષ્ટસખીના સમૂહમાં છેલ્લી અગ્રણી ગોપીઓ સુદેવી છે. તે રંગદેવીની જોડિયા બહેન છે અને તેમનો જન્મ રખોલીમાં માતા કરુણા-દેવી અને પિતા રંગસારાને ત્યાં થયો હતો. તેઓ પણ રાધા કરતાં સાત દિવસ નાના છે. રંગદેવી અને સુદેવીની વચ્ચે, રંગદેવી સુદેવી કરતાં અડધા દિવસથી મોટી છે. તેમની મુખ્ય સેવા દૈવી દંપતીને પાણી અર્પણ કરવાની છે. સુદેવીને સમર્પિત એક મંદિર સુનહેરા ગામમાં, રાધાનગરી જિલ્લા, રાજસ્થાનમાં આવેલું છે અને મંદિરને શ્રી સુદેવી સખી મંદિર કહેવામાં આવે છે.



JTP FINANCIAL
SERVICES

ગણેશ ઉત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ

Financial Freedom Starts Here

Mastering
Your money

Building Your Wealth Starts With Making the Right Financial Choice

Why Choose Us?

Our Key Offerings

- Personal Financial Planning
- Life Insurance
- Disability Insurance
- Critical Illness Coverage
- Group/Business Insurance
- Health & Travel Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Tax-Free Savings Account (TFSA)
- Annuities
- Registered Retirement Income Fund (RRIF)
- Life Income Fund (LIF)
- Investment Strategies
- Wealth Management
- Retirement Planning



JOYCE TSANG-PATEL
FINANCIAL STRATEGIST
FSRA (LICENSE NO. 24226879)

JOYCE TSANG-PATEL

Phone Number:
416-845-1323

Website:
www.jtpfinancial.ca

# શ્રીમદ્ ભગવદ્ ગીતા

શ્રીમદ્ ભગવદ્ ગીતા એ હિંદુ ધર્મનો પ્રાચીન અને મુખ્ય પવિત્ર ગ્રંથ છે. ગીતા ગ્રંથ હિંદુ ધર્મનો હોવા છતાં ફક્ત હિંદુઓ પૂરતો સીમિત ન રહેતાં પૃથ્વી ઉપરના પૂરા માનવસમાજ માટેનો ગ્રંથ ગણાય છે. અનેક વિશ્વચિંતકોએ ગીતામાંથી માર્ગદર્શન લીધું છે અને જે તે ધર્મ/પ્રદેશના અનુયાયીઓને જીવનની સમસ્યાના રસ્તા ચીંધેલ છે. હિંદુ ધર્મના તમામ ધર્મગ્રંથોમાં ભગવાન શ્રીકૃષ્ણ મુખે કહેવાયેલી ગીતાનું મહત્ત્વ અલૌકિક છે. ગીતાને સ્મૃતિ ગ્રંથ માનવામાં આવે છે.

મૂળ ભગવદ્ ગીતા સંસ્કૃતમાં રચાયેલી છે. આખી ગીતા, થોડા શ્લોકોના અપવાદ સિવાય, અનુષ્ટુપ છંદમાં છે. ગીતાનો સમયકાળ આશરે ઈ.સ. પૂર્વે ૩૦૬૬નો માનવામાં આવે છે. આવા ધર્મગ્રંથ માટે લખવા/કહેવા માટે તો પૃષ્ઠ/સમય/કલમ/શબ્દો તો ઓછા જ પડે; છતાં ટૂંકાણમાં ગીતા એક મહાગ્રંથને આવરી લેતી સમગ્રતયા છણાવટ કરું છું.

વૈશ્વિક ગ્રંથ : ગીતા વિષે જેટલું લખાયું છે, એટલું વિશ્વના કોઈપણ ગ્રંથ કે પુસ્તક વિષે લખાયું નથી. ગીતા ધર્મગ્રંથના નિષ્ણાતોએ, ગીતાના એક એક શ્લોક ઉપર દિવસો સુધી વ્યાખ્યાનો આપ્યા છે.

ગીતા ગ્રંથ : ગીતામાં 18 અધ્યાય અને એમાં 700 જેટલા શ્લોક છે. ભગવદ્ ગીતામાં બધા જ પુરાણોનો સારાંશ છે અને ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહેલી/સંભળાવેલી ગાથા એ રોજબરોજના જીવનમાં માણસે કરવાનું/અનુસરવાનું કર્મ જ છે.

ગીતા વાંચન : મનુષ્ય ઈચ્છા અનિચ્છાના દ્વંદ્વમાં સતત મોહ, સ્વાર્થ, જૂઠ, અહં, ક્રોધ, અછત, ઈર્ષા અને આવા અનેક નકારાત્મક ભાવો લઈને સંગ્રામ જેવી પરિસ્થિતિ વચ્ચે જીવે છે. ભગવદ્ ગીતા જીવનનો જ એક સારાંશ છે. ગીતા જેટલી વખત વંચાય, દરેક વખતે કંઈક નવું જાણવા અને સમજવા મળે છે.

રોજ ગીતા પાઠ કરવામાં આવે તો તમારા માટે કે તમારી સાથે સંકળાયેલા લોકો માટે અનેક રીતે ઉપયોગી બને છે. ભગવદ્ ગીતામાં બધા જ પ્રશ્નોના ઉકેલ છે.

ગીતા વાંચનના ફાયદાઃ જે પ્રશ્નોના જવાબ શોધવા જિંદગી આખી ઓછી પડે તે તમામ પ્રશ્નોના જવાબો ગીતામાંથી મળે છે. ગીતા માં વ્યાવહારિક જવાબો અને દિશાસૂચન પણ ઉપલબ્ધ છે. મન અને બુધ્ધિ વચ્ચેનો ફરક સમજીને કોઈ પણ



હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર

ધાર્મિક પુસ્તક વાંચો તો શાંતિ અને સંતોષ અનુભવાય છે. ગીતા બુધ્ધિથી દૂર મનને કહે છે, સમજાવે છે, ભણાવે છે, સત્ય નજર સમક્ષ મૂકે છે, ફળની આશા રાખ્યા વિના કર્મ કરવાનું કહે છે. પ્રત્યેક માણસ ગીતા વાંચીને જીવનના અઘરા અને મુશ્કેલ તબક્કામાંથી સ્થિતપ્રજ્ઞ રહીને માર્ગ શોધી શકે છે.

ગીતા સર્વ કોઈ માટે : ગીતા માત્ર યોગી, તપસ્વી, પૂજારી અને સંતો માટે નથી, મારા અને તમારા જેવા સાંસારીક જીવન જીવતા લોકો માટે છે. માટે ગીતાને સર્વ મનુષ્યનો ગ્રંથ કહેવાય છે.

ગીતા અધ્યાય અને ત્રણ વિભાગ : ગીતાના અધ્યાયોનાં નામ મહાભારતમાં આપ્યા નથી પરંતુ પાછળથી કદાચ શંકરાચાર્યએ અધ્યાયોને નામ આપ્યા. અમુક ભાષ્યકારોએ ગીતાને ત્રણ ભાગમાં વહેંચી છે, જે છે કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ. ગીતાના અઢાર અધ્યાયો અને વિભાગોના પ્રચલિત નામો આ મુજબ છે.

૧. કર્મયોગ ( અધ્યાય : ૧ થી ૬ - 1. અર્જુનવિષાદ યોગ 2. સાંખ્ય યોગ 3. કર્મ યોગ 4. જ્ઞાનકર્મસંન્યાસ યોગ 5. કર્મસંન્યાસ યોગ 6. આત્મસંયમ યોગ

૨. ભક્તિયોગ ( અધ્યાય ૭ થી ૧૨ - 7. જ્ઞાનવિજ્ઞાન યોગ 8. અક્ષરબ્રહ્મ યોગ 9. રાજવિધ્યારાજગુહ્ય યોગ 10. વિભૂતિ યોગ 11. વિશ્વરૂપદર્શન યોગ 12. ભક્તિ યોગ

૩. જ્ઞાનયોગ (અધ્યાય ૧૩ થી ૧૮ - 13. ક્ષેત્રક્ષેત્રજ્ઞ યોગ 14. ગુણત્રયવિભાગ યોગ 15. પુરુષોત્તમ યોગ 16. દેવાસુરસંપદ્વિભાગ યોગ 17. શ્રદ્ધાત્રયવિભાગ યોગ 18. મોક્ષસંન્યાસ યોગ

"ગીતા એક મહાગ્રંથ" માટે જેટલું લખો એ ઓછું જ છે છતાં સંક્ષિપ્તમાં કેટલીક બાબત પ્રસ્તુત કરું છું.

*ઉદભવ :- મહાભારતના યુદ્ધ દરમિયાનનો આવિર્ભાવ એ ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ (કુરુક્ષેત્ર યુદ્ધ) ભગવદ્ ગીતા છે. અર્જુન રણભૂમિમાં ભાઈભાંડુઓને સામેની છાવણીમાં જોઈ દિગ્મૂઢ થઈ વિષાદગ્રસ્ત બની કર્તવ્યથી વિમુખ થવા માટે કહે છે. આ સમયે ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કર્મની મહત્તા સમજાવે છે એ જ ગીતા. ગીતા યુદ્ધ મેદાનમાં કહેવાયેલો વિશ્વનો એક માત્ર ધર્મગ્રંથ છે.

*વિશ્વસ્વરૂપ દર્શન :- ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કર્તવ્ય માર્ગ પર લાવવા પોતાના વિશ્વસ્વરૂપના દર્શન કરાવે છે. આ પ્રસંગ એ પ્રતીક છે કે, 'ગીતા માત્ર એક ગ્રંથ નથી, પણ જીવન અને બ્રહ્માંડનું સત્ય છે.'

*રોજબરોજના જીવનમાં ગીતાનું પ્રદાન :- ગીતા એવા સિદ્ધાંતો આપે છે જે પ્રત્યેક વ્યક્તિના જીવનમાં કામ લાગે છે. કર્મના માર્ગને પ્રેરતો "કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન" (માત્ર કર્મ કરવાનો અધિકાર છે, ફળની ચિંતા ન કરો) ભગવાન શ્રીકૃષ્ણે સમજાવેલો માનવજીવનનો શ્રેષ્ઠ મહિમા છે. ધર્મ, કર્મ અને મોક્ષના માર્ગને સમજાવવા માટે પ્રત્યક્ષ જીવનમાં તેનું મહત્વ છે.

*આદિ શંકરાચાર્યના જીવનમાં ગીતા :- આદિ શંકરાચાર્ય જેમણે વિશ્વને અદ્વૈત વેદાંતનો ઉપદેશ આપ્યો હતો. તેઓએ ભક્તિ અને જ્ઞાનના માર્ગ તરીકે ગીતાનું મહત્ત્વ સમજાવ્યું છે. તેમની રચનાઓમાં ગીતા પર આધારિત શ્લોકોનો સમાવેશ થાય છે.

*ગાંધીજી અને ભગવદ્ ગીતા :- મહાત્મા ગાંધીને પણ જીવનના અનેક સંકટોમાં ગીતાએ માર્ગદર્શન આપ્યું. તેમણે કહ્યું કે, 'ગીતા તેમના માટે 'મોરલ કોડ' (નૈતિક સંહિતા) છે.' ગીતા પર આધારિત તેમનો જીવનપ્રવાહ અને અહિંસાનો માર્ગ પ્રેરણાદાયક છે.

*વિશ્વમાં અન્ય વિદ્વાનો અને નેતાઓ પર ગીતાનો પ્રભાવ :- સ્વામી વિવેકાનંદ, ટોલસ્ટોય, એલેન વોટ્સ અને અલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા વિખ્યાત વિદ્વાનો અને ચિંતકો પર ગીતા પ્રભાવશાળી રહી છે. આ જગવિખ્યાત સવાયા માણસોએ ગીતા અને ગીતાના જ્ઞાનને સન્માન આપેલ છે. ગીતા તમામ ધર્મો અને સંસ્કૃતિઓમાં તટસ્થ રીતે માર્ગદર્શન આપે છે એનાથી વિશ્વ પ્રભાવિત થયેલ છે.

*અરવિંદ ઘોષનું ગીતા મનન :- શ્રી અરવિંદ ઘોષના જીવનમાં ગીતાએ મહત્વનું સ્થાન ધરાવ્યું. તેમણે ગીતાના અધ્યાત્મિક મર્મને જીવનના અંતિમ ઉદ્દેશ્ય તરીકે માન્યું.

* ગીતા લેખન/અનુવાદ :-

- સંસ્કૃત ભાષામાં શ્રી શંકરાચાર્યનું શાંકરભાષ્ય.
- સંત જ્ઞાનેશ્વર દ્વારા મરાઠીમાં જ્ઞાનેશ્વરી ગીતા.
- લોકમાન્ય તિલકનું ગીતા રહસ્ય.
- સ્વામી વિવેકાનંદ દ્વારા ભક્તિયોગ, જ્ઞાનયોગ અને રાજયોગ પર પ્રવચન.
- મહાત્મા ગાંધીનો અનાસક્તિ યોગ-ગીતાનો ગુજરાતીમાં અનુવાદ.
- ૧૮મી સદીમાં વોરન હેસ્ટીંગ્સે ભગવદ્ ગીતાનો અનુવાદ ચાર્લ્સ વિલિકન્સ પાસે અંગ્રેજીમાં કરાવેલ, જે ૧૭૮૫માં પ્રકાશિત કર્યો. આ અનુવાદ અંગ્રેજીમાં પ્રથમ ગણાય છે.
- સરળ ગીતા - શ્રી યોગેશ્વરજી દ્વારા ભગવદ્ ગીતાનો ગુજરાતી પદ્યાનુવાદ.
- ગીતામૃતમ્ - શ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલે દ્વારા ગીતા તેના સાચા અર્થમાં.
- ઍડવીન આર્નોલ્ડે પણ ગીતાનો અનુવાદ અંગ્રેજીમાં કર્યો તેનું નામ છે - 'ધ સોંગ સેલેશીયલ.'
- સ્કલેગેલે ગીતાનો લેટિનમાં અનુવાદ ૧૮૨૩માં કર્યો.
- ગાલાનોસે ગીતાનો અનુવાદ ગ્રીકમાં ૧૮૪૮માં કર્યો.

લેસેન્સે ગીતાનો અનુવાદ ફ્રેન્ચમાં ૧૮૪૬માં કર્યો.

- વૉન હમબોલ્ટે ગીતાનો જર્મનમાં અનુવાદ ૧૮૨૬માં કર્યો.
- ઈસ્કોન સંસ્થાપક શ્રી એ.સી. ભકિતવેદાંત સ્વામી પ્રભુપાદજીએ અંગ્રેજીમાં 'Bhagavad Gita as it is' (ભગવદ ગીતા એઝ ઇટ ઇઝ) નામે ભાષાંતર લખ્યું. તેનો ગુજરાતીમાં અને અન્ય ભાષાઓમાં અનુવાદ 'ભગવદ્ ગીતા તેના મૂળ રૂપે' નામે થયો છે.

છેલ્લે,

કુરુક્ષેત્ર મહીં કર્મ અર્થે ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા અર્જુનને કહેવાયેલી છે ગીતા,

વિશ્વના ખૂણેખૂણે ગીતા એક મહાગ્રંથની એટલે જ છવાયેલી છે મહત્તા.

# ગણેશ ઉત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ


Abhay Joshi
(Mortgage Agent Level 2)

AFFINITY MORTGAGE SOLUTIONS INC

DOMINION LENDING CENTRES

Looking for Mortgage Services?



- 1st & 2nd mortgage
- Home equity loans
- Residential mortgage
- Commercial mortgage
- Refinancing
- and many more

CONTACT US

CELL : (647) 409-5848

Lic #M22003707


Shri Rajubhai Manglani mayfield Brampton


Gitaben & Ramji bhai Darji Brampton Canada


લતાબેન તથા તેમના સુપુત્ર
પાર્થ પટેલ
(એલિટ પ્રિન્ટિંગ વાળા)


Rajendra Parmar 88 Timbertop cresent Brampton


Girishbhai shah
105 Timber top cresant. Brampton


Atulbhai Thakkar
North Park road
Brampton



Rajini Panchal Bromptan Canada


કુસુમબેન ખમાર બ્રેમટન કેનેડા


Hindu sabha mandir
Brampton Canada


Shree Swaminarayan Mandir, Vadtadham
Toronto, Located at 3011 Markham Rd,
Scarborough.


Jigneshbhai Bhatt
Brampton Canada


કથા વાસ્તુ ઉદ્ઘાટન શ્રીમંત તથા કર્મકાંડના
કેનેડામાં કોઈપણ કામ માટે ભૂદેવ શ્રી
મહેશભાઈ ત્રિવેદીનો સંપર્ક કરો
Watts app Only +91 97376 91232


Hetaben Vyash Brampton Canada


Kiranbhai Desai
Brampton Canada



# રુદ્રાક્ષ એ શિવનું સ્વરૂપ

# છ મુખી રુદ્રાક્ષ

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી- કેનેડા




રુદ્રાક્ષ એ શિવ અને જીવ સાથે જોડાયેલ આધ્યાત્મિક શક્તિ છે ગત અંકમાં આપણે પાંચ રુદ્રાક્ષની માહિતી જાણી હતી. આજે છ મુખી રુદ્રાક્ષ થી શરૂ કરી 14 મુખી રુદ્રાક્ષ સુધીની માહિતી લઈશું છ મુખી રુદ્રાક્ષ એ કાર્તિકેનું રૂપ માનવામાં આવ્યું છે રોગનાશક બુદ્ધિ માની તથા શારીરિક રૂપથી સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે શેના માટે નો મંત્ર ઓમ નમઃ શિવાય કાર્તિકેય નમઃ છે ત્યારબાદ સાત મુખી રુદ્રાક્ષ મહાલક્ષ્મી નું રૂપ માનવામાં આવે છે તેને તિજોરી અથવા વેપારના સ્થાન ઉપર રાખી શકાય છે અને નોકરીયાત વર્ગ માટે અતિ ઉત્તમ છે ત્યારબાદ આઠમુખી રુદ્રાક્ષ વિનાયક ગણેશજીનું રૂપ માનવામાં આવે છે કષ્ટ નિવારણ માટે આ રુદ્રાક્ષ જરૂરી છે તેનો મંત્ર ઓમ સદા મંગલ ગણેશાય નમઃ છે ત્યારબાદ નવ મુખી રુદ્રાક્ષ ભગવતી નું સ્વરૂપ માનવામાં આવે છે આત્મશક્તિ સ્મરણશક્તિ જ્ઞાન શક્તિ તથા હંમેશા નિરાશ રહેલ વ્યક્તિ માટે અતિ ઉત્તમ છે તેનો મંત્ર ઓમ દુર્ગાય નમઃ છે તે સોમવારે ધારણ કરવો ઉત્તમ છે ત્યારબાદ 10 મુખી રુદ્રાક્ષ વિષ્ણુ સ્વરૂપ છે સંતાન પ્રાપ્તિ અને સંતાન ને લગતા કોઈ કષ્ટ નિવારણ માટે આ ધારણ કરવામાં આવે છે તેનો મંત્ર ઓમ ભગવાન વિષ્ણુ નમઃ છે ત્યારબાદ 11મુખી રુદ્રાક્ષ હનુમાન સ્વરૂપ છે શક્તિમાન તેજસ્વી અને બુદ્ધિમાન તથા સૂર્ય જેવા તેજસ્વી બનાવે છે એનો મંત્ર ઓમ સૂર્ય સમતમાં ઈષ્ટ દેવાય નમઃ ત્યારબાદ બારમુખી રુદ્રાક્ષ સૂર્ય સ્વરૂપ મનાય છે તે પાપનાશક અને પ્રસન્નતા વ્યાપ્ત કરાવે છે મંત્ર ઓમ સર્વ દેવાય નમઃ ત્યારબાદ તેરમુખી રુદ્રાક્ષ કામદેવ નું સ્વરૂપ મનાય છે રાજકારણ તથા રાજ સન્માન અપાવે છે અને દરેક મનોકામના પૂરી કરે છે મંત્ર ઓમ ઈન્દ્રદેવાય નમઃ ત્યારબાદ અંતિમ ચૌદમુખી રુદ્રાક્ષ સાક્ષાત શિવ સ્વરૂપ છે તેને ધારણ કરવાથી દરેક પ્રકારની ખુશીઓ પ્રાપ્ત થાય છે એનાથી મનનો વિકાર નાશ પામે છે તેનો મંત્ર ઓમ નમઃ શિવાય છે આમ કોઈપણ જાતના રુદ્રાક્ષ અથવા રુદ્રાક્ષની માળા ગ્રહણ કરવાથી કોઈપણ જાતનો વાયરસ તથા માનસિક બીમારી થી ચોક્કસ રક્ષણ મળે છે પરંતુ તમારો વિશ્વાસ અને શ્રદ્ધા તેમાં હોવી ખૂબ મહત્વનું પરિબળ છે.

# જીવનની મોટી લડાઈ તો માણસ પોતાના 'વિચારો' સાથે જ લડતો હોય છે. બાકી સંજોગો સાથે તો સમાધાન જ કરવું પડતું હોય છે



લેખક - ઘનશ્યામ પટેલ, કેલગરી

જીવનની મોટી લડાઈ તો માણસ પોતાના "વિચારો" સાથે જ લડતો હોય છે. બાકી સંજોગો સાથે તો સમાધાન જ કરવું પડતું હોય છે. તો ચાલો આપણે વિચારોની શક્તિ, સકારાત્મક-નકારાત્મક દૃષ્ટિકોણ, આંતરિક લડાઈ અને જીવનના સંજોગોનો ઉકેલ વિશે કંઈક વિચારીએ.

જીવન એક અનોખી સફર છે. દરેક માણસને અલગ-અલગ પરિસ્થિતિઓ, સંજોગો અને પડકારોનો સામનો કરવો પડે છે. બહારની દુનિયા સાથે લડવાની શક્તિ તો ઘણીવાર માણસ એકત્રિત કરી લે છે, પરંતુ સૌથી મોટી લડાઈ તો માણસ પોતાના “વિચારો” સાથે જ લડતો હોય છે. કારણ કે વિચારો જ જીવનને આગળ ધપાવે છે કે પાછળ ખેંચે છે. સારા વિચારો મનુષ્યને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જાય છે, જ્યારે નકારાત્મક વિચારો તેને અંધકારમાં ધકેલી દે છે.

જીવન એક અનોખી સફર છે. દરેક માણસને અલગ-અલગ પરિસ્થિતિઓ, સંજોગો અને પડકારોનો સામનો કરવો પડે છે. બહારની દુનિયા સાથે લડવાની શક્તિ તો ઘણીવાર માણસ એકત્રિત કરી લે છે, પરંતુ સૌથી મોટી લડાઈ તો માણસ પોતાના “વિચારો” સાથે જ લડતો હોય છે. કારણ કે વિચારો જ જીવનને આગળ ધપાવે છે કે પાછળ ખેંચે છે. સારા વિચારો મનુષ્યને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જાય છે, જ્યારે નકારાત્મક વિચારો તેને અંધકારમાં ધકેલી દે છે.

માનવજીવનમાં સંજોગો બદલાતા રહે છે. ક્યારેક સુખ આવે છે, ક્યારેક દુઃખ. ક્યારેક સફળતા મળે છે, તો ક્યારેક નિષ્ફળતા. પરંતુ આ બધા સંજોગોને માણસ પોતાના વિચારો દ્વારા જ સ્વીકારી શકે છે કે બદલાવી શકે છે. જો મનમાં હિંમત અને સકારાત્મક દૃષ્ટિકોણ હોય તો મુશ્કેલીમાં પણ ઉકેલ શોધી શકાય છે. પરંતુ જો મન નબળું હોય તો સરળ પરિસ્થિતિમાં પણ અશક્યતા અનુભવાય છે.

વિચારશક્તિ એ જ માણસની સાચી સંપત્તિ છે. ધન, દોલત, માન-સન્માન -આ બધું સમય અનુસાર આવે છે અને જાય છે. પરંતુ વિચારોની ગુણવત્તા માણસને સદાય જીવંત, મજબૂત અને સફળ બનાવે છે. વિચાર બદલવાથી જ જીવનની દિશા બદલાય છે. ઉદાહરણ તરીકે, એક જ પરિસ્થિતિ બે લોકોને અલગ રીતે અસર કરે છે. એક તેને તક તરીકે જુએ છે, બીજો તેને સમસ્યા માને છે. તફાવત માત્ર વિચારોનો છે.

સકારાત્મક વિચારો માણસને લક્ષ્ય સુધી પહોંચાડે છે. તે આત્મવિશ્વાસ વધારે છે, આંતરિક શક્તિને જાગૃત કરે છે અને મનને શાંતિ આપે છે. જ્યારે નકારાત્મક વિચારો માણસને ખાલી નિરાશા, ભય અને અસહાયતા તરફ દોરી જાય છે. એટલે મનુષ્યને પ્રથમ તો પોતાના વિચારોને કાબૂમાં લેવાની કળા શીખવી જોઈએ.

આંતરિક લડાઈ બહારની લડાઈ કરતાં ઘણી કઠિન હોય છે. બહારના શત્રુને હરાવવો સહેલો છે, પરંતુ પોતાના મનને જીતવું મુશ્કેલ છે. મન કાબૂમાં આવે ત્યારે જ સાચો વિજય મળે છે. તેથી રોજિંદા જીવનમાં સારા પુસ્તકો વાંચવા, સારા લોકોની સંગતિમાં રહેવું, ધ્યાન-સાધના કરવી, પ્રેરણાદાયક વાતો સાંભળવી આ બધું વિચારોને શુદ્ધ બનાવવામાં મદદરૂપ છે.

સાચો વિજય એ નથી કે માણસ દુનિયાને જીતી લે, સાચો વિજય તો એ છે કે માણસ પોતાના નકારાત્મક વિચારોને જીતી લે. જ્યારે મન શુદ્ધ થાય, ત્યારે સંજોગો આપોઆપ સરળ બની જાય છે. કારણ કે જીવનના દરેક સંજોગનો ઉકેલ માણસના પોતાના વિચારોમાં જ છુપાયેલો હોય છે.

તેથી કહી શકાય કે જીવનની સૌથી મોટી લડાઈ માણસ પોતાના વિચારો સાથે જ લડતો હોય છે. બહારના સંજોગો સામે તો સમાધાન કરવું પડે છે, પરંતુ અંદરના વિચારોને જીતવા માટે સતત પ્રયત્ન કરવો પડે છે. જે વ્યક્તિ આ લડાઈ જીતી જાય છે તે જ સાચા અર્થમાં સફળ, શાંતિમય અને સંતોષભર્યું જીવન જીવી શકે છે.

# ઋણનું મહત્વ

લેખક : નિર્મળાબેન દરજી, કેનેડા





ઋણનું મહત્વ સમજવા માટે આપણે ભગવાન રામ અને માતા સીતાના વનવાસની પરિસ્થિતિને સમજીએ.

ભગવાન શ્રી રામ અને માતા સીતા પોતાના 14(ચૌદ) વર્ષના વનવાસ દરમિયાન વનમાં ભમતા ભમતાં સીતા માતાને પાણીની તરસ લાગે છે. આ સમયે ભગવાન રામ કુદરતને વિનવણી કરતાં આસપાસમાં ક્યાય પણ પાણી હોય તો ત્યાં સુધી જવાનો રસ્તો પોતાને બતાવવા માટે કાકલૂદી કરે છે.

ભગવાન શ્રીરામની આવી કાકલૂદી સાંભળીને એક મોર તેમની પાસે આવી જાય છે અને કહે છે કે અહીંથી થોડે દૂર એક જળાશય છે. હું તમોને ત્યાં સુધી લઈ જવા તૈયાર છું. પરંતુ એક મુશ્કેલી છે. આ માર્ગે ભુલા પડી જવાની શક્યતાઓ રહેલી છે. બોલો આવવું છે તે માર્ગે ?

મોરની આ વાત સાંભળીને ભગવાન શ્રીરામ નવાઈ પામી મોરને કહે છે કે ભાઈ તું તો આ માર્ગનો જાણીતો છે પછી ભુલા પડી જવાની શક્યતા ક્યાંથી રહે ?

ત્યારે મોર કહે છે કે હે રામ તમારી વાત સાચી છે પરંતુ હું તો ઉડતો ઉડતો આગળ જાઉ અને તમે ચાલતાં ચાલતાં મારી પાછળ આવો તો પછી રસ્તો ભુલો પડી જવાય ને ?

ભગવાન શ્રી રામને મોરની વાત સાચી લાગી અને તેનો ઉપાય શું છે ? તે મોરને જણાવવા કહ્યું ત્યારે મોરે જવાબ આપતાં કહ્યું કે એક સરસ ઉપાય હું બતાવું છું કે હું ઉડતો ઉડતો આગળ જઈશ તેમ તેમ મારૂ એક એક પીછું નીચે નાખતો જઈશ. તે પછાના આધારે તમોને રસ્તો મળતો રહેશે અને તમે જળાશય સુધી પહોંચી શકશો.

હવે આ રીતે મોર શ્રી રામને જળાશય સુધી લઈ જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે મોરને પીંછા ખરવાની પણ એક ચોક્કસ ઋતું હોય છે. જો આ ચોક્કસ ઋતુ સિવાય મોર પોતાના પીંછા ખેરવી નાખે તો તેનું મૃત્યું થાય છે.

આ કિસ્સામાં પણ આવું જ થાય છે. પરંતુ મોરને પોતાના મૃત્યું વિષે કશો જ વસવસો કે અફસોસ થતો નથી. તે તો ખુશમિજાજી સ્વભાવમાં જ પોતાના અંતિમ શ્વાસ લેતો શ્રી રામને એટલું જ કહે છે કે મને મારા મૃત્યું વિશે કોઈ ફરિયાદ નથી. મને તો ખુબ જ આનંદ થાય છે. હું મારા મૃત્યુંને ખુબ જ ઉત્સાહપૂર્વક આવકાર આપું છું. કારણે કે જેના દ્વારા આખા જગતની તરસ છિપાવવામાં આવે છે. તેની જ તરસ છિપાવવાનું સદ્દભાગ્ય મને મળી રહ્યું છે. આનાથી વિશેષ મારે શું જોઈએ ? હું અતિ ભાગ્યવાન છું કે મને આવું પૂણ્યનું કામ કરવાની તક મળી.

મોરના આવા ઉલ્લાસપૂર્વક બોલાયેલા શબ્દો સાંભળતાં જ શ્રી રામ તેનો ઉત્સાહ વધારવા કહે છે કે હે મોર સામે આવી રહેલા મૃત્યુ સમયે પણ તારામાં રહેલી ખુમારી અને ખુશી જોઈને હું પણ ખુબ ખુશ થયો છું. તે જે પીંછા વેરીને મને જળાશયનો માર્ગ બતાવ્યો અને સાતીજીની તરસ છીપાવી છે. તેનું તારા તરફથી મારા પર ઋણ ચઢેલું છે. હું તે ઋણ અવશ્ય ચુકવી આપીશ પરંતુ હાલના સમયમાં એ પીંછાનું ઋણ ચુકવી શકું તેમ નથી. તે જે પીછા વેરીને અમારી ઉપર જે ઋણ ચઢાવેલું છે તે પીંછાનું ઋણ હું આવતા જન્મમાં અવશ્ય ચુકવીશ.

અને તારૂ આ ઋણ મારા મસ્તક ઉપર ચઢાવીશ અને ખરેખર, તે પછીના બીજા જન્મમાં ભગવાન કૃષ્ણના અવતારમાં ભગવાને મોરપીંછ પોતાના મસ્તક ઉપર ધારણ કરીને પોતાના દ્વારા મોરને આપવામાં આવેલો વાયદો પુરો કરીને પોતાની શરતનું પાલન કર્યું છે.

આ કથા ખુબ જ સરસ બોધ આપે છે કે જો ભગવાન જેવા ભગવાન પણ પોતાની ઉપર કોઈના દ્વારા ચઢેલ ઋણને ચુકવવા માટે બીજો જન્મ લેવો પડતો હોય તો આપણે તો કેટલાય જન્મોથી અને લોકોના ઋણી હોઈશું.

બરાબરને ! ક્યારે ક્યારે કોના કોના ઋણ આપણે ચુકવીશું ? એની આપણને કાંઈ જ ખબર નથી. તો આપણે એક ઈન્દ્રિયથી માંડી પાંચ ઈન્દ્રીય સુધીના તમામ નાના, મોટા દરેક જીવો પ્રત્યે આદર ભાવ રાખીને તેઓના આપણા ઉપર ચઢેલા ઋણ- ઉપકાર ઉતારવા માટેના દિલથી પ્રયત્નો કરવા જોઈએ. જીવમાત્ર ને કે કોઈ વ્યક્તિને આપણાથી કોઈ હાની પહોંચે નહીં તેની ખાસ તકેદારી આપણે રાખવી રહી.

દરેક વ્યક્તિ ઉપર ચાર ઋણ હોય છે. દેવઋણ, સમાજઋણ,ઋષિ ઋણ, પિતૃઋણ

દેવઋણમાંથી મુક્ત થવા દેવોની આરાધના સેવા, પૂજા કરવાથી તેમાંથી મુક્ત થવાય છે.

સમાજનું ઋણમાંથી મુક્ત થવા સમાજના લોકો, જરૂરિયાતમંદ લોકોની સેવા કરવાથી તેમાંથી મુક્તિ મળે છે.

ઋષિઋણમાંથી મુક્ત મેળવવા તેમના ગ્રંથોનું વાચન કરવું દિવ્ય ગ્રંથોનું પઠન કરવું જોઈએ.

પિતૃઋણમાંથી મુક્ત થવા ધર્મના કાર્યો કરવા જોઈએ. પિતૃઓના આશીર્વાદથી આપણે જે સુખ, સંપત્તિ ભોગવીએ છીએ તે ઋણ ચુકવવા ધાર્મિક કાર્યો કરવા જોઈએ.

આમ તો માતા-પિતાનું ઋણ આપણએ ક્યારેય ચુકવી શકતા નથી. માતા-પિતાના ઋણમાંથી મુક્ત થવા તેમનું સન્માન કરવું જોઈએ. તેમના અનુભવોનો આદર અને સલાહને માન આપવું જોઈએ. તેઓની વૃદ્ધાવસ્તામાં સહારો બની શારીરિક અને માનસિક જરૂરિયાતોનું ધ્યાન રાખવું જોઈએ. તેઓ સાથે સમય વિતાવવો ખુબ જ જરૂરી છે. માતા-પિતાનું એક સપનું હોય છે કે તેમનું સંતાન સુખી અને સફળ થાય. જીવનમાં મહેનત કરીને સફળ થવું એ પણ એક રીતે તેમનું ઋણ ચુકવવાનું શ્રેષ્ઠ માધ્યમ છે માતા-પિતાએ જે સંસ્કાર અને મૂલ્યો આપ્યા છે તે આપણા જીવનમાં અપનાવી અને બાળકોને આપવા જોઈએ. આ રીતે તેમની મહેનત ક્યારેય વ્યર્થ નહીં જાય.

આમ માતા-પિતાનું ઋણ કોઈ આર્થિક લેવડ દેવડ નથી, પણ લાગણીશીલ બંધન છે. તેને ચૂકવવા કરતાંસ્વીકારવામાંઅને જીવન ખુશહાલ બનાવવામાં જ સાચો સંતોષ મળે છે.



અનુસંધાન પાના નં. 23 નું ચાલુ....

વ્યસનીને ખેંચ, બ્રેઈન હેમરેજ કે લકવો થવાની શકયતા વધે છે જે નુકશાનકર્તા સાબિત થાય છે. માટે શકય હોય તો આડકતરી રીતે નહીં પણ પ્રેમથી, સમજાવીને વ્યસનીનું વ્યસન છોડાવવું જોઈએ.

માનવ સ્વભાવ છે કે પોતાનું ધાર્યું ના થાય એટલે દોષનો ટોપલો કયાં તો બીજાના ઉપર નાંખે કે પછી ભગવાન ઉપર નાંખે અને ભગવાન તો બિચારો કંઈ બોલતો જ નથી. કોઈપણ દિવસે બીજાના કર્મો તમારે ભોગવવા પડતા જ નથી પણ તમારા કર્મો જ તમે ભોગવો છો. માંદગી ઓચિંતી નથી આવતી. પહેલેથી કુદરત અણસાર આપે જ છે પણ આપણને એ ગંભીરતાથી લેવાની આદત જ કયાં છે?

બધું જોયા પછી પણ આપણે આપણી કુટેવોને વળગી જ રહીશું તો ઉપરવાળો પણ તથાસ્તુ કહી દેશે. હે માનવી, તારા કર્મો તું જ ભોગવ. ભક્તિના પંથે વાળવા અને વ્યસનની જાળમાંથી તમને છોડાવવા ભગવાને અનેક રસ્તાઓ બતાવ્યા, ચમત્કારો બતાવ્યા પણ છતાં તમે નમસ્કાર ના કરો તો તે તમારો વાંક. આપણે પોતે જયાં સુધી જાગીએ નહીં ત્યાં સુધી બધું વ્યર્થ. મજબૂત મનોબળથી અશકયને શક્ય બનાવી શકાય એના અનેક ઉદાહરણો આપણા સમાજમાં છે.

કાળા માથાનો માનવી ધારે તે કરી શકે. એણે વ્યસન છોડવું હોય તો એ અશક્ય નથી. સમાજમાં ઘણા એવા લોકો છે જેઓએ પોતાની ભૂલ સુધારી, વ્યસનમુકત થઈ પરિવાર અને સમાજમાં આગવું સ્થાન મેળવ્યું છે. અરે, વ્યસન તો મારા સાંઈનો કરો. એની ભક્તિનો નશો એક વાર ચઢી જાય પછી દુન્યવી બધા જ વ્યસનો નિરસ લાગે. મીરાંએ ભક્તિનું વ્યસન કર્યું તો જીવન નૈયા પાર કરી ગઈ.

આ બધું કયાં સુધી... સહન કરીશું? કયાં સુધી ખુલ્લી આંખે મૂરખ બનતા રહીશું? જરૂર છે આજની યુવાપેઢીને સંસ્કાર આપવાની, આપણી ભારતીય પરંપરા જાળવવાની, મા-બાપે પોતાનું ઘર પોતે જ બચાવવાનું છે. અરે, હવે તો જાગો... ચાલો આપણે આજથી નક્કી કરીએ કે વ્યસનથી ઘેરાયેલ આપણા યુવાધનને વ્યસનમુકત કરવાનો પ્રયાસ કરીએ.

## Personal Details



| | |
|---|---|
| Name | Jayshil Pravinbhai Patel |
| Date Of Birth | 29-10-1998 |
| Time Of Birth | 9:10 AM |
| Place Of Birth | Vadodara, Gujarat |
| Native | Anjesar (Dist. Vadodara) |
| Caste | Hindu Leuva Patidar |
| Height | 5 feet 3 inches (160 cm) |
| Weight | 71 Kg |
| Hobbies | Outdoor sports (Lawn tennis, volleyball, cricket), traveling |
| Highest Education | Master of Electrical & Computer Engineering |
| College Name | University Of Windsor |
| Job/Occupation | Currently working at Amazon Logistics |
| Status | Permanent Resident (PR) |
| Current Address | 1412 - 4 Kings Cross Rd, Brampton, ON, Canada L6T3X8 |

## Family Details

| | |
|---|---|
| Father's Name | Pravinbhai Bachubhai Patel |
| Father's Occupation | Business (JP Centaring) |
| Mother's Name | Jagrutiben Pravinbhai Patel |
| Mother's Occupation | Homemaker |
| Sister's Name | Shirali Urvesh Patel (Married) |

## Contact Details

| | |
|---|---|
| Contact No | +1 639-997-6298 |
| Father's Contact No | +91 9898690478 |
| Address | C -134 Amit Nagar Society, VIP Road, Karelibaug, Vadodara-390022 |

EDM
Elite Digital Marketing
LETS BE POPULAR

ELITE
PRINT & DIGITAL MARKETING

Lowest Price

- Business Card, Flyers, Brochures, Posters Banners etc.
- All other Printing
- Website Development
- Social Media Management/SEO
- Graphic Design
- Excel VBA consulting
- Automation Project
- Start Up Consulting

facebook Link
Chat
Let's Start!

Parth Patel
647 655 5029

Let's Be popular

Find on Google

# વ્યસન સાંઈનું રાખીએ

લેખકઃ શ્રીમતી મિનાક્ષી કરમરકર


'પોતાની ભૂલ માણસને મૂંગા કરતાય વધારે મૂંગો બનાવે છે, જયારે પારકી ભૂલ માણસને બોલકા કરતાંય વધારે વાચાળ બનાવે છે.”

આપણો સમાજ અને ખાસકાલ યુવાધન વ્યસનના સામ્રાજયમાં ફસાયેલો છે. જેના માટે જવાબદાર છે 'અઢળક સંપત્તિ, વિભકત કુટુંબ પ્રથા અને પ્રસારણ માધ્યમ'. પહેલાના જમાનામાં સંયુકત કુટુંબ પ્રથા હતી એટલે બે ત્રણ ભાઈઓ સાથે રહેતા. જેથી ઘરમાં વડીલોની મર્યાદા જળવાતી, વ્યસન પ્રવેશ નિષેધ હતો. પરંપરાગત રૂઢી અને સંસ્કારોનું સિંચન બાળકોમાં થતું.

જયારે આજે તો બાળકો સાથે જ બેસી મોજશોખ પૂરા કરવામાં માતાપિતા ગર્વ અનુભવે છે. એ બાબત ભૂલી જાય છે કે દરેક સંબંધોમાં એક મર્યાદા હોવી જરૂરી છે. અલગ રહેતા હોય તથા નોકરી વ્યવસાયને લઈને મા-બાપથી બાળકોની રહેણીકરણી ઉપર પૂરતુ ધ્યાન અપાતું નથી. દેખાદેખી અને મીડીયાને લઈને તથા પ્રલોભન આપનારી જાહેરાતો, પોસ્ટરો જોઈ સ્વતંત્રતા અને પૈસાને લઈને યુવાધન સ્વચ્છંદી બની જાય છે.

ખાસ કરીને મધ્યમવર્ગના ઘરોમાં દૂધ પીવા પૈસા નથી પણ દારૂ પીવા પૈસા છે. બાળકોને પૈસા આપી દે છે પણ હિસાબ મંગાતો નથી. એકવાર વ્યસનનો સ્વાદ ચાખ્યો પછી તો માનવલોહી ચાખી ગયેલા વાઘની જેમ વારંવાર ચસકો લાગે છે અને છેવટે એ વ્યસન પ્રાણપ્રિય બની જાય છે. જેને લઈને શિક્ષિત, બુધ્ધિશાળી એવો મહામાનવ પોતાનો, પરિવારનો અને સમાજનો વિનાશ સ્વેચ્છાએ નોતરે છે.

કોઈપણ વ્યસનની આદત પડી જાય એટલે એને મેળવવા માટે વ્યસની જૂઠાણું, ચોરી, લૂંટફાટ, ખૂન જેવા અનીતિના રસ્તે દોડતો થઈ જાય છે. સમય જતાં જે તે વ્યસન એના લોહીમાં વહેતુ થઈ જાય છે અને એને માટે બધું સમજવા, જાણવા છતાં પણ એનો ગુલામ



બની જાય છે. શરીર પણ વ્યસનને લઈને ક્ષીણ થઈ ગયું હોય છે. કોઈને કોઈ બીમારી શરીર ઉપર કબજો જમાવી દે છે અને આવા સમયે પારાવાર પસ્તાવો વ્યસનીઓને થતો હોય છે પણ પાછા ફરવું એને માટે મૃત્યુને આવકારવા જેવું થઈ જાય છે. એ વખતે વ્યસનીઓની મનઃસ્થિતિ અને પારિવારિક વિડંબના એટલી બધી વધી ગઈ હોય છે કે જીવતેજીવત જીંદગી સૌ કોઈ માટે દોજખ બની જાય છે.

પંચમહાભૂતથી બનેલા આ શરીરમાં જે ઈન્દ્રિયોના આપણે માલિક, સ્વામી, સુકાની છીએ તે વાત ભૂલી જઈને વ્યસનના માલિક બની જઈને આત્મહત્યા કરીએ છીએ. સમાજમાં પોતાનો માન-મરતબો, ઈજ્જત, શાખ બધું જ દાવ પર લગાવી પોતાના મોજશોખ પૂરા કરીએ છીએ પણ એનું પરિણામ શું? એકાદ ઈન્દ્રિયોની ગુલામી પણ જો ભયંકર બીમારી લાવી શકે છે તો આ તો પાંચ-પાંચ ઈન્દ્રિયો - આંખ, નાક, કાન, જીભ અને સ્પર્શ. જયારે આ બધી જ ઈન્દ્રિયો વ્યસનને લઈને બીમારી નોતરે તો કેવો કારમો અત્યાચાર શરીર ઉપર ગુજરે એની તો કલ્પના જ કરવી રહી. બધી જ ઈન્દ્રિયો જો મનસ્વી રીતે વર્તે તો શરીરને સાચવવું કેવી રીતે?

સાંઈ સચ્ચરિત્રના અધ્યાય ૪૯ માં બાબાએ કહ્યું છે કે "ઈન્દ્રિયોને પોતપોતાના ધર્મ બજાવવા દેવા. તેના કામમાં આપણે વચ્ચે ન આવવું જોઈએ. આ સુંદર રૂપાળા જગતની રચના ઈશ્વરે જ કરી છે. તેથી એ સુંદરતાના ભાવની પ્રશંસા કરવી એ આપણો ધર્મ છે. જો આપણામાં પાપ નથી તો પછી ડરવું શા માટે? ભલે આંખ આંખનું કામ કરે. એથી તારે શરમાઈને નીચે શા માટે જોવું પડે? ઈન્દ્રિયો ચંચળ બને તો પણ દેહ ઉપર સંયમ રાખવો. તેને અધીર થવા ન દેવું જોઈએ. વસ્તુ પાછળ ઈન્દ્રિયો ભલે દોડે પણ આપણે તેની પાછળ દોડી તેની પ્રાપ્તિની ઝંખના ન કરવી જોઈએ. ધીરે ધીરે ટેવ પાડવાથી આ ચંચળતા જતી રહે છે.

આપણા ઉપર ઈન્દ્રિયોને સત્તા જમાવવા દેવી નહીં. અલબત્ત ઈન્દ્રિયો પર સાવ નિયંત્રણ શકય નથી. પ્રસંગ જોઈ તેના પર યોગ્ય દાબ રાખવો. સુંદરતા ચક્ષુનો વિષય છે માટે નિર્મળ બનીને સુંદર પદાર્થ જોવા. તેમાં બીક કે શરમને સ્થાન નથી પણ એ વખતે કોઈ પાપી વિચારને મનમાં ન આવવા દેવો જોઈએ. કામના રહિત ચિત્તથી ઈશ્વરની સુંદર કૃતિઓ જોવી. તેથી સ્વાભાવિક જ ઈન્દ્રિયો પર નિયંત્રણ આવતું જશે. એવી સુંદર વસ્તુને આનંદથી નીરખવામાં ઈશ્વરની અજબ શક્તિનું સ્મરણ જ થશે. જો બહારની ઈન્દ્રિયોને કાબુમાં રાખ્યા વિના મનને તેની પાછળ દોડવા દઈ તેમાંજ તેને આસકત રાખીશું તો આપણા જન્મમરણના ચક્રનો કોઈ જ અંત આવવાનો નથી.

ઈન્દ્રિયોના વિષય જ હાનિકર્તા છે. સારથી તરીકે વિવેકને રાખવાથી મન પર કાબુ આવશે અને આપણે ઈન્દ્રિયોને ખોટે રસ્તે જતી રોકીશું. આવો સારથી રાખવાથી જ અંતિમ સ્થાન વિભુપદ સુધી આપણે પહોંચી શકીશું, જયાંથી ફરી ફેરો છે જ નહીં."

આપણે સમજવું જોઈએ કે વ્યસન માનવમાંથી દાનવ બનાવે છે. જીવનમાં ઉન્નતિની



જગ્યાએ અધોગતિનું નિર્માણ કરે છે. તન, મન અને ધનથી માણસ વ્યસનના રવાડે પાયમાલ થઈ જાય છે. જયારે સાક્ષાત મૃત્યુ નજર સમક્ષ દેખાય એટલે પછી ભગવાનની શરણે દોડે, ભૂતભૂવા કરે, પીર ફકીર પાસે પીંછી નંખાવે, બાધા-આખડી કરે, દવાખાનાના ચક્કર કાપતો થઈ જાય, ખાસ તો જીવવા માટે અંધશ્રધ્ધાના વમળોમાં અચૂક ફસાય, વ્યસનના દળદળમાંથી બચવા ધમપછાડા કરે, જીવવાની જીજીવિષા પ્રબળ બની જાય પણ આખું આયખું પરિવારને આપેલ અત્યાચાર, સંતાનોની હાયનો હિસાબ તો અહીં ચૂકવીને જ જવું પડે. બસ, લાચાર, અસહાય, બેકાર બની કરેલા જલસાનો હિસાબ ચૂકવે અને પરિવારના સભ્યો પણ લાગણીશૂન્ય બની એના મરવાની રાહ જોતા હોય... આનાથી વધારે દુઃખદ શું હોઈ શકે? જે વ્યક્તિ આપણને અતિ પ્રિય હતી તેના ક્ષીણ થતા શરીરને લઈને તથા ઘરની નાજુક પરિસ્થિતિને લઈને પરિવારના સભ્યો પણ એના જવાની રાહ જોતા હોય.....

પોતાના કર્મો પોતે જ ભોગવવાના હોય તો આવા સમયે કયો ભગવાન તમને મદદ કરી શકે. જયારે સિગરેટના ધુમાડા કાઢયા, દારૂની રેલમછેલ કરી, ગુટખા - માવાના સ્વાદ ટેસ્ટથી લીધા ત્યારે ભગવાન ના યાદ આવ્યો? પરિણામની પરવા કર્યા વગર શરીરને વ્યસનનું ગુલામ બનાવ્યું ત્યારે ભગવાન ના યાદ આવ્યો? છોકરાઓના મોંમાંથી કોળિયો છીનવી વ્યસન માટે રૂપિયા ખર્ચ્યા ત્યારે ભગવાન ના યાદ આવ્યો? દારૂ પીને આવીને પત્નીને મારીઝુડી ત્યારે ભગવાન ના યાદ આવ્યો? અને આજે જયારે દુઃખનો રેલો આવ્યો ત્યારે 'હે ભગવાન, મેં એવા તે કયા ખરાબ કામ કર્યા કે મને આ સજા?'

સંતાનોના તથા પોતાના ઉજ્જવળ ભવિષ્ય માટે બચત કરવાની જગ્યાએ જે કાંઈ હતું તે બધું વ્યસન પાછળ વાપર્યું ત્યારે મૃત્યુનો ડર ના લાગ્યો. પોતાના મોજશોખને પોષવા આવક કરતાં જાવક વધારી માથે દેવું કર્યું. અરે... વ્યસની વ્યક્તિ તો બીમાર પડી મૃત્યુ પામે ત્યારે પણ એની એ બીમારીમાં લાખો રૂપિયા ખર્ચાય જાય, ઘર દેવામાં ડૂબી જાય, સંતાનોની ભણતર અટવાય જાય, દીકરીના લગ્ન અટવાય જાય અને એ જીવ તો શાંતિથી સૂઈ જાય તેવા સમયે જીવતા રહેલાની હાલત જીવતેજીવત દોજખ બની જાય. જે ઘરમાં વ્યસનને લઈને મૃત્યુ આવ્યું હોય તે ઘરના સભ્યો થોડા જ સમયમાં આ નુકશાનને ભૂલી જઈ પાછા એ જ વ્યસનના રસ્તે ચાલવા લાગે એ તો ખરેખર આશ્ચર્યજનક છે.

વ્યસન છોડાવવાની અનેક જાહેરાતો જાહેરસ્થળોએ મૂકેલ હોય છે. જે વાંચી ઘણા પરિવારો એમનો સંપર્ક કરી દવા મેળવે છે. એ દવાને વ્યસનીના ખોરાકમાં ભેળવી દઈ એની જાણ બહાર આપવામાં આવે છે. વર્ષોથી જે વ્યસનની લત લાગી હોય તે સમય જતાં લોહીમાં ભળી જાય છે. જેને લીધે દવાની અસર થતા વ્યસનીને વ્યસન પ્રત્યે સૂગ થશે પણ લોહીમાં ભળેલ વ્યસન રોજનો સમય થતાં અસર કરશે. જેને લઈને અનુસંધાન પાના નં. 22 પર

# ગરુવી ગુજરાતના સર્વે વાચક મિત્રોને ગણેશ ઉત્સવની ખૂબ ખૂબ શુભેચ્છાઓ



ગરવી I ❤ Gujarat ગુજરાત
Gujarati Weekly Community Newspaper